અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ ચોથો.

કીમત ૬ આના.

The Department of Public Instruction, Bombay.

ANGLO-GUJARATI
TRANSLATION SERIES.

PART IV.

COMPILED FROM THE REV. T. L. WELLS' ENGLISH EXERCISES, PARTS III. & V., AND FROM OTHER SOURCES.

SANCTIONED FOR USE UNDER STANDARD V. OF HIGH SCHOOLS.

FIRST EDITION.—3,000 COPIES.

Bombay:
GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1882.

Price Six Annas.

BOMBAY:

PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

સાંકળિયું.

અંગ્રેજી ભાષાંતર પાઠમાળા.

ભાગ ૪ થો.

પાઠ ૧.

મહેતાજી અને છોકરો. એક સંવાદ.—ભાગ ૧.

મહે૦—છોકરા, હવે નિશાળમાં રજા પડવાના દિવસ પાસે આવ્યાછે માટે આવતા અઠવાડીઆમાં આ વર્ગની પરીક્ષા લેવામાં આવશે.

સેવકરામ.—સાહેબ, પરીક્ષા કયારથી શરૂ થશે? અને કિયે કિયે દિવસે કિયા કિયા વિષય લેવાશે?

મહે૦—ધીરજ રાખો; એ સઘળું તમને યોગ્ય વખતે કહેવામાં આવશે. પણ પહેલાં મારે જાણવું જોઇએ કે તમે સૌએ તમારા સઘળા પાઠ તૈયાર કર્યાછે કે નહિ.

દામોદર.—મોઢે પરીક્ષા લેશો કે લખાવશો, સાહેબ?

મહે૦—ગયે વર્ષે જેમ કર્યું હતું તેમ; કેટલાક વિષય મોઢેથી પૂછવામાં આવશે અને બાકીના સવાલપત્ર આપીશું. પણ અલ્યા છગન તારે કેમ છે?

છ૦—હું ગયા પખવાડીઆમાં યાત્રાએ ગયો હતો તેથી તેટલા પાઠ કાચા છે. પણ સાહેબ, દરેક વિષયમાં કેટલા દોકડા મળે તો પસાર થયા કહેવાય?

મહે૦—આટલા બધા દિવસ ગેરહાજર રહ્યો એ તેં બહુજ ખોટું કર્યું; હવે તું પરીક્ષામાં પસાર નહિ થાય તેથી ઉપલા વર્ગમાં ચઢીશ નહિ. જે કસુર કરે તેને શિક્ષા થવી જોઇએ.

છ૦—પણ, સાહેબ, હું આ ચાર પાંચ દિવસ ખૂબ મહેનત કરીશ તો હું આશા રાખું છઉં કે હું પસાર થઇશ.

મહે૦—વખતે પાઠ નહિ કરવા અને પાછળથી અતિશય મહેનત કરવી એ તો ઘણુંજ ખોટું.

ઇચ્છાશંકર.—હું જરા પાણી પી આવું, સાહેબ?

મહે૦—એકદમ બેશી જાઓ. જ્યારે વર્ગમાં કામ ચાલતું હોય અથવા તમને સમજૂતી આપવામાં આવતી હોય ત્યારે બહાર જવાની રજા નહિ માગવી જોઇએ. એટલું જાણતો નથી? વારૂ તેં તારૂં વંચક સુધાર્યું?

ઇ૦—સાહેબ, વંચકને માટે વખતે વખતે જે સૂચના કરવામાં આવેછે, તે મેં મારી નોંધપોથીમાં લખી લીધીછે.

મહે૦—તમારામાંના ઘણાઓને એવી ટેવ છે કે પોતાની નોંધપોથી ઘર આગળ વાંચતાંજ નથી. એ તો લખ્યું ન લખ્યું સૌ સરખુંજ. યાદ રાખવું જોઇએ કે વર્ગમાં જે કહેવામાં આવે તે બરાબર સમજીને લખી લેવું અને તે વારે વારે વાંચી ધ્યાનમાં રાખવું.

પાઠ ૨.

મહેતાજી અને છોકરા. એક સંવાદ—ભાગ ૨.

મહે૦—કેમ રામપ્રસાદ, તેં તારો નકશો કાઢ્યો?

રા૦—હા સાહેબ, ચાર પાંચ વાર સ્લેટપર અને બે ત્રણ વાર કાગળપર સીસાપેન વતી કાઢ્યોછે.

મહે૦—જોઇએ લાવ કેવો કાઢ્યોછે?

રા૦—આ રહ્યો સાહેબ.

મહે૦—હજી તેમાં ઘણી ખામી છે. લંબાઇ પહોળાઇનું બરાબર પ્રમાણ નથી; વળી કેટલેક ઠેકાણે હદ પણ વાંકી મૂકી છે. તોપણ વધારે લક્ષ આપીશ તો સુધરશે ખરો.

સંતોષરામ.—સાહેબ, સિપાઇને કહી આવું કે શાહી પૂરી ખડીઆ લાવે? કોપી લખવાનો વખત થયોછે.

મહે૦—હા, જાઓ. કેમ, પ્રભાશંકર આજ પણ નથી આવ્યો કે? હજી સારો નથી થયો? હું જાણુંછું કે તેને દવા ખાવાનો ઘણોજ કંટાળો છે; પણ એવા છોકરાએ જાણવું જોઇએ કે એથી પોતાના શરીરને નુકસાન થાયછે.

સં૦—સાહેબ, ગઈ કાલે સાંજરે હું તેના ઘર પાસે થઈ ફરવા જતો હતો તે વેળા તેણે મને બોલાવી હાથોહાથ ચીઠી આપી હતી. આ રહી, સાહેબ.

મહે૦—તારે એ ચીઠી ઘંટ થયો ત્યારેજ આપવી હતી. તેને ચીઠી લખતાં પણ આવડતી નથી. તારીખ વાર તો મળેજ નહિ. કાગળનો કડકો પણ કેવો ચીથરા જેવો છે! જોડણી ઉપર તો લક્ષ આપ્યુંજ નથી. છેકાની અને ડાઘાની તો વાતજ ન કરવી. એવું જો પરીક્ષામાં લખે તો જરૂર નાપાસ થાય.

મોહન.—સાહેબ, આ પાટલીના પાયા હાલેછે માટે લખતાં અડચણ પડશે. એક ઢેફાનો કડકો લાવી બરાબર કરૂં?

મહે૦—હા. સિપાઇને કહો તે કરશે. પણ સાંભળો. છોકરાઓની ખરી મહેનતનું પારખું પરીક્ષાજ છે; માટે જવાબ બહુ વિચારીને લખજો. અને જવાબપત્રો પાછાં આપતાં પહેલાં સંભાળથી વાંચી જજો.

પાઠ ૩.

એક આળસુ છોકરો.—ભાગ ૧.

તાપીને પેલે પાર એક ગામમાં સેવકરામ નામે વેપારી રહેતો હતો. તેને અભણરામ નામે એકનો એક દીકરો હતો. તે સાત વરસનો થયો ત્યારે તેને ગામઠી નિશાળે મૂક્યો. ત્યાં તે કશુંએ શીખ્યો નહિ, કારણ કે તેને પોતાના બાળપણના સોબતીઓને મૂકી રોજ રોજ નિશાળે જવું કંટાળા ભરેલું લાગતું હતું. જ્યારે મહેતાજીને લાગ્યું કે એ તો કાંઈ શીખે એમ નથી ત્યારે નિશાળમાંથી તેને રજા આપી. આ વાતથી સેવકરામના જીવને ઘણો સંતાપ થયો અને વારંવાર વિચાર આવવા લાગ્યો કે હું જીવીશ ત્યાંસુધી તો જેમ તેમ કરી મારૂં ઘર ચલાવીશ. પણ પછી એનું શું થશે? એવામાં સેવકરામને કાંઈ કામ કાજે પાસેના શાહેરમાં જવાનું થયું. ત્યાં એક પોતાના જૂના મિત્ર સુંદરરાય હતા તેને ત્યાં ઉતારો કર્યો. તેની પાસે તે પોતાનું દુઃખ રડ્યો ત્યારે સુંદરરાયે કહ્યું કે મારો છોકરો જે મહેતાજીની નિશાળે જાયછે તેને ત્યાં તમે પણ મોકલો. મહેતાજી એવા હુશીઆર છે કે તેણે મારા ગાંડાને થોડા દિવસમાં ઠેકાણે લાવી મૂક્યોછે.

પાઠ ૪.

એક આળસુ છોકરો.—ભાગ ૨.

પછી અભણુરામને તેના બાપે તે નિશાળે મોકલ્યો. ત્યાં તેને મહેતાજીની સાથે નીચે પ્રમાણે વાતચીત થઈ.

મહે૦—આવો અભણુરામ, તમારી ઉમર કેટલી?

અ૦—ગઈ કારતક શુદ ૫ ને દિવસે અગીઆર વરસ પૂરાં થયાં એમ મારા બાપા કહેતા હતા, સાહેબ.

મહે૦—તારૂં વય જોતાં તું જરા મોટો લાગેછે. તને રમવાનો ઘણો શોખ છે, નહિ વારૂ?

અ૦—હા, સાહેબ.

મહે૦—ત્યારે તને લખોટે રમતાં તો ઠીક આવડતું હશે? કનકવો ચગાવતાં અને ભમરડો ફેરવતાં પણ જાણતો હોઇશ?

અ૦—હાજી, સાહેબ, બધું આવડેછે.

મહે૦—તારે આંખે, હાથે, પગે તો કાંઈ અડચણ જેવું નથી કેનો? શરીરે તો સાજો તાજો દેખાયછે.

અ૦—હાજી, સાહેબ, મને તો કાંઈ નથી.

મહે૦—તને કાંઈ લખતાં આવડેછે વારૂ?

અ૦—નાજી, લખતાં શીખવા માંડયું હતું, પણ પછી છોડી દીધું કેમકે મૂળાક્ષરજ લખી શક્યો નહિ.

મહે૦—શા વાસ્તે? બીજા છોકરા કેમ લખી શકેછે? તેમને જેટલાં આંગળાં છે તેટલાં તારે પણ છે. તું આંગળાં વતે લખોટા પકડી શકેછે ત્યારે કલમ કેમ ન પકડી શકે?

અભણુરામ જવાબ આપ્યા સિવાય ઊભો થઈ રહ્યો.

મહે૦—વાંચતાં આવડેછે કે? આ વાંચ જોઉં. કેવુંક વાંચેછે?

અભણુરામ અચકાતો અચકાતો વાંચેછે. "ચાકરી કરે તે ભાખરી પામે."

મહે૦—આટલું વાંચતાં શીખતાં મહેનત તો પડીજ હશે? ત્યારે જો વધારે મહેનત કરે અને વધારે ધ્યાન આપે તો વધારે સારૂં વાંચતાં આવડે.

અભણુરામ ટગર ટગર જોયાં કરેછે.

પાઠ ૫.

એક આળસુ છોકરો.—ભાગ ૩.

મહે૦—તને કાંઇ હિસાબ ગણતાં આવડેછે કે?

અ૦—ના સાહેબ. સરવાળા શરૂ કર્યા હતા, પણ દાખલા ન થવાથી આગળ ચાલી શકયો નહિ.

મહે૦—ચાર પઇસાના કેટલા લખોટા મળે?

અ૦—બાર, સાહેબ.

મહે૦—આઠ પૈસાના કેટલા?

અ૦—ચોવીસ, સાહેબ.

મહે૦—બે પૈસાના કેટલા?

અ૦—છ, સાહેબ.

મહે૦—તારા ગજવા ખરચમાંથી ચાર પૈસાના લખોટા લેછે ત્યારે તારી પાસે બાકી કેટલા રહેછે?

અ૦—અડધા રૂપિઆમાંથી સાત આના રહેછે.

મહે૦—લે, તને તો સરવાળા, બાદબાકી, ગુણાકાર, અને ભાગાકાર બધુંએ થોડું થોડું આવડેછે. વારુ, બીજું તને શું આવડેછે?

અ૦—સાહેબ, આઠે વારનાં નામ, બારે મહીનાનાં નામ, મારાં સગાં વહાલાં, પાડા પાડોશી, ને ઓળખાણ પીછાણવાળા, એ બધાંનાં નામ મને આવડેછે, અને કહો તો, સાહેબ, અડધા ગામનાં માણસનાં નામ લઈ જાઉં.

મહે૦—વાહ! તું ઉદ્યોગ કરે તો શીખી શકે એવો છોકરો છે, માટે જા જઇને ધોરણ બહારના વર્ગમાં બેશ. પણ એટલું ધ્યાનમાં રાખવું કે આ નિશાળમાં છોકરાથી ન થઈ શકે એવા પાઠ આપવામાં આવતા નથી માટે તારે કોઈ પણ દિવસે એવું નહિ બોલવું કે આતો મારાથી નહિજ થાય.

અભણરામ એવું ઉત્તેજન મળવાથી હરખાતો હરખાતો વર્ગમાં જઈ બેઠો, અને પોતાના મનમાં બોલવા લાગ્યો કે હું કાંઈ કમ નથી. મહેતાજીની પરીક્ષામાં હું કાંઈ છેક નાપાસ પડ્યો નથી. બીજે દહાડેથી વર્ગના કામપર લક્ષ આપવા લાગ્યો અને બીજે વરસે ઊપલા વર્ગમાં ગયો.

પાઠ ૬.

ઝીણા પોરા.

સૂક્ષ્મદર્શક કરીને એક યંત્ર છે તે વડે ઝીણી જણસ મોટી જણાયછે, તથા કેટલીક જણસો ખુલી આંખે દેખાતી નથી તે પણ જોઈ શકાયછે. તે યંત્રથી કોઈ ખાબોચીઆમાં ઘણા દહાડાથી ભરાઈ રહેલા પાણીનું ટીપું જોયું હોય તો કરોડો ઝીણાં જીવડાં માલૂમ પડેછે. એથી જોનારને ઘણું અચરજ લાગેછે. કેટલાક પોરા એવા ઝીણા હોયછે કે આખી દુનિયામાં માણસની સંખ્યા એક અબજ ગણાયછે તેટલા બે ટીપાં પાણીમાં દેખાયછે. તેઓ ગંદા પાણીમાંજ હોયછે એમ નહિ સમજવું. નદી, તળાવ, અને દરિયાના ચોખ્ખા પાણીમાં પણ હોયછે.

એ ઝીણા પોરામાં કોઈ કોઈ સાપ જેવા લાંબા હોયછે, કોઇને દોરી જેવા આમળા હોયછે, અને કોઇ કોઈ તો જોઇએ તેવા આકારના થઈ શકેછે.

કોઈ કહેશે કે એ પોરાનું પાણીમાં શું કામ? પણ એ ઘણા કામના છે. કોહતી વનસ્પતિ તથા જંતુઓ પાણીમાં રહેવાથી આપણાં શરીરને નુકસાન કરે તે એ ખાઇ જાયછે. વળી એથી મોટાં બીજાં જાનવરો તેનો ભક્ષ કરેછે.

પાઠ ૭.

બિલાડી ને બગલું.

એક દહાડો બિલાડીને મન થયું કે બગલાને જમવા તેડીને એની જરા ટોળ કરીએ. પછી તેને નોતરૂં દીધું ને તે આવીને જ્યારે ભાણા ઉપર બેઠું ત્યારે છાછરી થાળીમાં ખીર પીરસેલી દીઠી. બગલે ખીર ખાવાને ફાંફાં તો ઘણાંએ માર્યાં, પણ ચાંચ લાંબી, તેથી કાંઈ ફાવ્યું નહિ, ને બિલાડી તો ચપચપ ખાવા મંડી ગઈ. તે માંહે માંહે પેલા પરોણાને પૂછતી જાય કે કેમ, આજ કેવી મજા પડેછે? રસોઇનો કાંઈ તાલ આવ્યોછે કે નહિ? કેમ, કાંઈ ખાતા નથી વારૂ? બગલું સમજી ગયું કે આ

મારી મશ્કરી કરેછે; પણ ગમ ખાઈ ગયું, ને જાણ્યું અજાણ્યું કરીને તે તક તો મૂકવી, ને જાણે પોતાને ખાધાની મજા પડી હોય એવું દેખડાવ્યું. પછી ઘેર જતી વખત બિલાડીને પાછું નોતરૂં દીધું કે કાલે મારે ત્યાં જમવા આવજો, અને તેની સાથે એટલો આગ્રહ કર્યો જે બિલાડીને નોતરૂં માન્યા વગર ચાલ્યું નહિ.

બીજે દહાડે બિલાડી બગલાને ઘેર જમવા ગઈ. ત્યાં તો એક શિશિઈમાં કેરીનો રસ ભરેલો દીઠો. બિલાડી તો ટગ ટગ જુએ, પણ એનું કાંઈ વળે નહિ. શિશિઈનું ગળું લાંબું ને સાંકડું, તેથી બિલાડીનું મોં માંહે પેસે નહિ, ને બગલું તો એની લાંબી ચાંચવડે શિશિઈમાંથી રસ કાઢી કાઢીને ખાતું જાય. પછી બિલાડીએ સામું જોઈને મોં મલકાવીને કહ્યું કે આજ તમે સ્વાદે જમોછો તેથી હું રાજી થઈ. બગલો બોલ્યો, કાલે તમારે ત્યાં જેવી મને મજા પડી હતી, તેવી આજ તમને પડી હશે. બિલાડીએ એ વાત સાંભળીને મોં નીચું ઘાલ્યું, પણ મનમાં તો બહુજ દાઝ ચડી.

પાઠ ૮.

તપાસ કરવાની ટેવ.—ભાગ ૧.

પરમેશ્વરે સૌને બે આંખો આપીછે, પણ તેને ખરી રીતે વાપરતાં થોડાનેજ આવડેછે. બે માણસ એકજ વસ્તુ જુએ, પણ તેથી બેઉનાં મન પર જુદી જુદી અસર થાયછે. માટે જોવામાં ફેર છે. એ વિષે એક વાત નીચે લખીછે:—

એક ફકીર ચાલ્યો ચાલ્યો વગડામાં જતો હતો; તેને એક વાણિયો સામો મળ્યો. ફકીરે તેને પૂછ્યું, શેઠ, તમારે કોઈ ઊંટ ખોવાયુંછે? વેપારીએ કહ્યું, હા. ફકીરે કહ્યું, તેની જમણી આંખ ફૂટેલી છે, ને તે ડાબે પગે ખોડું છે, ખરી વાત કે? વેપારી બોલ્યો, હા. ફકીરે પૂછ્યું, તેનો આગલો એક દાંત પડી ગયોછે? વેપારીએ જવાબ દીધો, હા, સાંઈ. ફકીર બોલ્યો, તેને તમે એક મેર મધ લાદ્યુંછે, ને બીજી મેર ઘઉં લાદ્યાછે, નહિ વારૂ? વેપારીએ કહ્યું, ખરી વાત, મિયાં સાહેબ, તમે એને એટલું ધારી ધારીને જોયુંછે ને પારખ્યુંછે તો હીંડો, મને દેખાડો, તે કેણી મેર ગયું ને ક્યાં છે?

ફકીરે જવાબ દીધો, શેઠ, મેં તમારૂં ઊંટ જોયું નથી, ને તમે હાલ જે વાત કહી તે સિવાય બીજા કોઇને મોઢે, એવી એની વાત સાંભળી પણ નથી. વાણિયાએ કહ્યું, એ બધું ડહાપણ તો જાણ્યું, એના ઉપર જવાહીર હતું તે ક્યાં છે? લાવને.

ફકીર બોલ્યો, શેઠજી, મેં તમારા ઊંટને નથી જોયું, ને તમારૂં જવાહીર પણ નથી જોયું. એમાંનું હું કાંઇ જાણતો નથી.

એ સાંભળીને વેપારીએ પોતાના માણસ પાસે તેને પકડાવી દરબારમાં મોકલ્યો. દરબારમાં એનો ઝાડો જોયો, ને બીજી ઘણીએ તપાસ કરી, પણ એની કનેથી કશુંએ નીકળ્યું નહિ. એણે ચોર્યું કે એ જૂઠું બોલ્યો એનો પુરાવો મળ્યો નહિ.

પાઠ ૯.

તપાસ કરવાની ટેવ—ભાગ ૨.

ફકીરને જાદુગર જાણીને સજા કરતા હતા એવામાં તેણે દરબારને આ પ્રમાણે કહ્યું:—તમને એટલી બધી નવાઈ લાગી તે જોઈ મને ઘણી રમુજ પડી. તમે અચંબો પામો તેમાં ઘણી નવાઈ નથી. હું વગડામાં એકલો ઘણાં વર્ષ થયાં રહુંછું, પ્રણ વગડામાંએ તપાશી જોવાનું મને ઘણું મળેછે. રસ્તે ચાલતાં ચાલતાં મેં ઊંટનાં પગલાં જોયાં, પણ ત્યાં માણસનાં પગલાં નહોતાં, તે ઉપરથી મેં જાણ્યું કે એના ધણી કનેથી નાઠેલુંછે. એના માર્ગના એકજ ગમનાં ઝાડનાં પાંદડાં કરડેલાં હતાં તે ઉપરથી મેં જાણ્યું કે તે એક આંખે કાણું હશે. તેનાં પગલાંમાંનું એક એક ચાખ્ખું પડેલું હતું તેથી મેં જાણ્યું કે તે પગે લંગડું હશે. તેણે જે પાંદડાં કરડ્યાં હતાં તેમાં વચમાંનો થોડો ભાગ રહી ગયો હતો તે ઉપરથી મેં ધાર્યું કે તેનો આગલો એકાદ દાંત પડ્યો હશે. તેની એક પાસે ઘઉં વેરાયલા હતા તે લઈ જવા કીડીઓ ચઢી હતી, ને બીજી બાજૂએ મધમાખી બમણતી હતી તેપરથી મેં જાણ્યું કે એને એક મેર ઘઉં ને બીજી મેર મધ લાધ્યું હશે, અને કોઈ માણસ જોડે હશે નહિ, કેમકે હોય તો ઘઉં વેરાય નહિ ને મધ ઢોળાય નહિ.

એ સાંભળી રાજાએ તેને સાબાશી આપી છોડી દીધો. આ ઉપરથી સમજવાનું એ છે કે આપણે તપાસ કરી જોવાની ટેવ રાખવી ને હમેશાં તપાસ કરવી. તપાસ કરી જોવું એટલે સઘળું ધ્યાનમાં રાખી જોવું ને તેમાંથી કામમાં આવે તેવું અનુમાન કરવું. ફકીર જે રસ્તેથી આવ્યો તેજ રસ્તેથી બીજાં માણસ પણ આવ્યાં, ને તેમણે પણ ઊંટનાં પગલાં દીઠાં હશે અથવા ધ્યાન આપત તો જોત. તે કોઈએ પેલા વાણીઆને એમાંનું કશું કહ્યું નહિ, કેમકે તેમને તપાસ કરવાની ટેવ નહિ, માટે જોવા જોવામાં ઘણો ફેર છે. ચિત્ત દઈને જોવાની તથા તે ઉપર વિચાર કરવાની ટેવ ઘણી ખપની છે, માટે સૌએ તેવી ટેવ પાડવી.

પાઠ ૧૦.

ઝાડની શી શી જણસો આપણા ખાધામાં આવેછે.—ભાગ ૧.

ઝાડનાં મૂળીઆં, થડ, પાંદડાં, ફળ, ફૂલ, બીઆં સૌ ખાધામાં આવેછે. કેટલાંક ઝાડ મોટાં, કેટલાંક નાના છોડવા, અને કેટલાંક તો વેલાજ હોય. સૂરણ, રતાળુ, શકરીઆં, બટાટા, કંદ એ સૌ ખાધામાં આવેછે, અને ભોંયમાં થાયછે. તેને બાફીને કે તળીને ખાધાં હોય તો બહુ સ્વાદ લાગેછે.

ડાંગર, બાજરી, ઘઉં એના તો દાણાજ ખવાય. એનાં થડ એટલે સાંઠા ખાધામાં આવતા નથી, પણ શેરડીના તો સાંઠાજ ખવાય. એનાં પાંદડાં કે બીજું કાંઈ ખાધામાં આવતું નથી. શેરડીનો રસ કેવો ગળ્યો લાગેછે !

અળવીનાં પાંદડાં, ને ડાંખળાં એ સૌનું શાક થાયછે. પણ એનાં મૂળીઆં તો કઠણ, માટે ખાવાના કામમાં આવતાં નથી, કેમકે તે ઘણીવાર દેવતા પર રાખે તોપણ ચઢે નહિ.

પાઠ ૧૧.

ઝાડની શી શી જણસો આપણા ખાધામાં આવેછે.—ભાગ ૨.

શેકટાનાં, અગથિયાનાં, અને કડાનાં ફૂલ તળીને અથવા કઢીમાં નાંખીને ખાયછે અને તેમાંનાં કેટલાંકની તો શીંગો પણ ખવાયછે. કેટલાંક ઝાડની શીંગો લીલીને લીલી શાક કરીને ખવાયછે, પણ તેને સૂકવીને તેના દાણા નીકળેછે તે પણ ખાયછે. શેકટાની, ચોળાની, ગુવારની, એવી એવી કેટલીક જાતની શીંગો તો એમની એમ રાંધીને ખાધામાં આવેછે.

પણ વટાણા, લાંગ, ને તુવરની શીંગો તો ફોલીને તેના લીલવા કરીને શાક કરેછે, કેમકે તેનાં છોડાં જાડાં ને કઠણ હોયછે. વાલની પાપડી કુમળી હોય ત્યારે તો છોડાં સુદ્ધાં રાંધેછે, પણ કઠણ હોય ત્યારે તો એકલા લીલવાનુંજ શાક કરેછે. ફળ બહુ જાતનાં થાયછે. કેરી, જાંબુ, નારંગી, કેળાં, એવાં એવાં ફળ એમના એમ ખવાયછે. રીંગણાં, ભીંડા, કોળું, દુધી, કારેલાં, કંટોલાં એ પણ ફળ સમજવાં, પણ એ રાંધ્યા વગર ખવાતાં નથી.

પાઠ ૧૨.

ચીનમાંના ગ્રંથો વિષે.

ચીનના લોકોને ચોપડી વાંચવી બહુ ગમેછે. ચીનનું એકે પણ શહેર ચોપડી વેચનારની દુકાન વિનાનું નથી. એ ધંધો ઘણો આબરૂદાર ગણાયછે. રાજાની મરજી એજ કાયદો એવું ત્યાંના લોકો માનેછે, તોપણ છાપખાનાંપર સરકાર તરફની કશી અડચણ નથી. ત્યાંના કાયદામાં એ વિષે એટલુંજ લખ્યુંછે કે પ્રજાની નીતિમાં બગાડ થાય અથવા રાજ્યમાં ફિતૂર થાય એવું છપાવે અથવા પ્રસિદ્ધ કરે તેને ગરદન મારવો. એક વાતે જોઇએ તો ચીનમાં છાપખાનાંને છૂટ છે, પણ બીજી વાતે તે ઘણા સંકટમાં છે, કારણ કે પ્રજાની નીતિમાં બગાડ કરનાર શું

અને ફિતૂર કરાવે તેવું શું એ ઠરાવવું પાદશાહ અને તેના અમલદારોના હાથમાં છે. એવી અડચણને લીધે ચીનમાં નવા વિચાર પ્રગટ થતા નથી; અને અસલના વખતથી ચાલતી આવેલી વિદ્યા, હુનર, અને રીતભાતોમાં કાંઈ સુધારો થતો નથી. તોપણ જે વિદ્યા દેશમાં છે તેથી લોકોને જાણીતા રાખવાને ઘણી કોશીશ થાયછે. તેની રાજધાની પેકિનમાં એક મોટી પાઠશાળા છે, તેમાં ઊંચા પ્રકારની કેળવણી આપવામાં આવેછે. વળી દરેક શહેરના માજિસ્ટ્રેટના મકાનમાં એકેક પુસ્તકશાળા હોયછે. તે વાપરવાની સઘળા લોકોને છૂટ છે.

પાઠ ૧૩.

વાતાવરણ.

પૃથ્વી સઘળી ગમથી વાતાવરણે ઘેરાયેલીછે. અહીંથી ચાળીસ કે પચાસ મૈલ સુધી વાતાવરણ છે. હવા પ્રવાહી છે. માછલાં જેમ પાણીમાં તરેછે તેમ પક્ષી હવામાં તરેછે. હવા વજનદાર છે તેથી ઊપલી હવાના થરો નીચલા થરો પર દબાણ કરેછે, એથી કરીને નીચેના થરો ઉપરના કરતાં જાડા થાયછે. સૌથી હેઠળની એટલે છેક જમીનની નજીકની હવા ઘણી જાડી હોયછે, તેથી ઉપરની જરા પાતળી, એથી ઉપરની વધારે પાતળી, એમ જેમ જેમ ઊંચે ચઢીએ તેમ તેમ વધારે પાતળી હોયછે. પાણીનું પણ એમજ છે. મોટા દરિયાની સપાટીના કરતાં તળીઆનું પાણી વધારે જાડું હોયછે.

પ્રાણી તથા વનસ્પતિ એના વિના એક ક્ષણ પણ જીવી શકે નહિ. હવા ઘણું કરીને બે પદાર્થોની મળેલીછે, પ્રાણી શ્વાસોશ્વાસ લેછે ત્યારે તેમાંનો એક પદાર્થ તેઓનાં ફેફસાંમાં રહેછે અને લોહી સાથે મળેછે; અને બીજો નાક તથા મોઢા વાટે બહાર નીકળેછે. તે એવો ઝેરી છે કે તેનો જો કોઈ પ્રાણી પાછો શ્વાસ લે તો તે તરત મરી જાય. પણ વનસ્પતિ દિવસે એ હવાનો શ્વાસ લેછે અને તેઓ પ્રાણીઓને કામની હવા બહાર કાઢેછે; પણ રાતે તેઓ એથી ઊલટું કરેછે, માટે આપણી રહેવાની જગામાં દિવસે ઝાડ હોય તો સારૂં, પણ રાતે હોય તો ખોટું.

પાઠ ૧૪.

લાવરી અને તેનાં બચ્ચાં–ભાગ ૧.

એક લાવરી જે ખેતરમાં રહેતી હતી તે ખેતર પાક્યું એટલે તેને ચિંતા થઈ જે મારાં બચ્ચાંને પાંખો આવ્યા પહેલાં જો ખેતરવાળો ખેતર કાપવાને આવશે તો કેમ થશે? પછી તે રોજ ચારો આણવા જાય ત્યારે બચ્ચાંને કહેતી જાય જે મારી પછવાડે કોઈ કાંઈ બોલે, તો તે સઘળું માળે આવું ત્યારે મને કહેવું, હો. એક દિવસ ખેતરનો ધણી ખેતરમાં આવીને પોતાના છોકરાને કહે કે હું જાણુંછું કે આ ખેતર પાક્યું, હવે લણવું જોઇએ. માટે તું કાલે સવારમાં જઇને આપણા આડોશી પાડોશીને કહી આવજે કે લણવાસારૂ આવે. આ સઘળું તે બચ્ચાંએ મા ઘેર આવી એટલે તેને કહ્યું, અને બોલ્યાં કે મા, હવે તું અમને ઉતાવળી અહીંઆંથી બીજે ઠેકાણે લઇ જા. મા બોલી બચ્ચાં, નચિંત રહો, કાં કે ખેતરના ધણીએ ખેતર લણવાનો ભરોસો પડોશી ઉપર રાખ્યોછે, તેથી હું જાણુંછું જે કાલે કાપણી થશે નહિ. બીજે દિવસે લાવરીએ જતી વખતે બચ્ચાંને રોજની પેઠે કહી મેલ્યું હતું, તે ઉપરથી તે ખેતરનો ધણી શું બોલેછે તે સાંભળવાને ટાંપીને રહ્યાં હતાં, એટલામાં તે ખેતરનો ધણી આવ્યો, અને જેને બોલાવ્યાં હતાં તેની વાટ જોઈ રહ્યો, પણ કોઈ આવ્યું નહિ, અને તડકો પણ થયો. ત્યારે તે છોકરાને કહે, અરે પાડોશી ઉપર વિશ્વાસ રાખવામાં કાંઇ માલ નથી, માટે હવે તું એવું કર કે આપણાં સગાં અને ભાઈ ભાંડુને જઇને કહી આવ કે તે સવારમાં વહેલાં ઊઠીને ખેતરની લણણી કરવાને મદદે આવે. તે સાંભળી બચ્ચાં ઘણાં બીનાં, અને મા આવી એટલે તેમણે તે સમાચાર માને કહ્યા. ત્યારે તે બોલી, એવું છે તો તમે બીશોમા, શામાટે જે સગાંની ચિંતા રાખીને તેમના કામમાં પડે એવું બનવું કઠણ, માટે એ પણ એનું કહ્યું ફોકટ જશે.

પાઠ ૧૫.

લાવરી અને તેનાં બચ્ચાં—ભાગ ૨.

એવી રીતે બચ્ચાંને ધારણા દીધી, અને ચારો ચરવા જતી વખત તેમને કહી મૂક્યું કે હવે આજ ખેતરવાળો જે બોલે તે મન દઈને સાંભળજો, અને હું આવું ત્યારે મને કહેજો. ત્રીજે દહાડે ખેતરનો ધણી ઘણીવાર સુધી સગાં વહાલાંની વાટ જોઈને બેશી રહ્યો. પણ તે કોઈ આવ્યું નહિ. પછી તે છોકરાને કહે કે કાંઈ ચિંતા નહિ, બીમા, કાલે સવારે દાતરડાં સારાં તૈયાર કરી મેલજે, આપણે આપણે હાથેજ કાપીશું. એ ખબર બચ્ચાંએ માને કહી, એટલે તે બોલી, બચ્ચાં હવે આપણે અહિંયાં રહેવું નહિ, શામાટે કે કોઈ માણસ પોતાનું કામ પંડે કરવાને નીકળે તો તે ઘણું કરીને પાર પાડે. પછી તેણે પોતાનાં બચ્ચાં, ત્યાંથી તરત કાઢીને બીજે ઠેકાણે મેલ્યાં. બીજે દહાડે ખેતરનો ધણી અને તેનો છોકરો બે જણે આવીને ખેતરની કાપણી કરી. એ વાત ઉપરથી સમજવું કે કોઈ કામ કરવું હોય તે જાતે કરવું. બીજાને ભરોસે રહીએ કે તે આવીને કરશે તો તેમાં કાંઈ વળે નહિ; કહેવત છે કે "आप मुआ विना स्वर्ग न जवाय." તેમજ વળી બીજી કહેવત છે કે "आप समान बळ नहि, अने मेघ समान जळ नहि." એટલે પોતે મુઆ વિના સ્વર્ગે જવાતું નથી, ને પોતાના જેવું બીજું કોઈ કામમાં ધ્યાન લગાડતું નથી. તેમજ બીજું ગમે તેટલું પાણી ખેતરમાં રેડે પણ વરસાદ જેવું પાકતું નથી.

પાઠ ૧૬.

ચંદ્ર.

ચંદ્ર સૂરજના કરતાં પૃથ્વીની પાસે છે. ચંદ્રની વધ ઘટ તમે સઘળાઓએ તો જોઈજ હશે. મહીનામાં એક દહાડો તે પૂરો ગોળ દેખાયછે. તે દહાડાને પૂનમ કહેછે. પછી રોજ નાનો થતો જાયછે, ને છેલ્લે બે ત્રણ દહાડા તો મુદ્દલ દેખાતોજ નથી. પછી પાછો સાંજે સૂતરના તાંતણાથી થોડોક જાડો ને અહ્લાયા જેવો વાંકો જણાયછે, તેને બીજનો ચંદ્ર કહેછે. એવો બીજનો ચંદ્ર મહીને મહીને એટલે કોઈ વેળા ૨૯ દહાડે અને કોઈ વેળા ૩૦ દહાડે દેખાયછે.

ચંદ્રમાં પોતાનું તેજ નથી; સૂરજનું તેજ એના ઉપર પડીને ત્યાંથી પાછું આપણા ભણી વળેછે; જેમ ચાટલું કે દર્પણ સૂરજ ભણી આડું ધરી રાખ્યું હોય તો એના ઉપરનો તડકો પાછો વળીને છાંયડો હોય ત્યાં ચકતાં જેવા પડેછે, અને એ તડકો દર્પણમાંથી આવતો દેખાયછે તો ખરો, પણ તે પોતાનામાં કાંઈ આગળનો તડકો ભરી રાખેલો નથી, તેમજ સૂરજનો તડકો ચંદ્ર ઉપર પડેછે અને તે ત્યાંથી પાછો આપણા ભણી આવેછે.

પાઠ ૧૭.

કરજ.

આ દેશના લોકમાં કરજ કરવાનો ખોટો ચાલ ઘણો છે. એકનું કરજ કરે અને તે ઘણી ઉઘરાણી કરે, ત્યારે બીજા પાસેથી નાણાં કાઢી તેને ભરે. પેલો બીજો ઘણી તાકીદ કરે, ત્યારે કોઈ ત્રીજા પાસેથી લઈ તેને આપે. એમ કરવામાં કેટલાક તો વખત કાઢેછે, ને ખરાબ થાયછે. સારે માઠે અવસરે કેટલાક કરજ કરી એટલો બધો ખરચ કરેછે કે પછી જીવતા લગી કરજની જાળમાંથી છૂટાતું નથી, ને બહુ શિક્ષા ખમવી પડેછે. કેટલાએક તો એ અવસર ન હોય તોપણ કરજ કરેછે. વાયદાસર કરજ વાળવાની પોતામાં શક્તિ છે કે નહિ એનો વિચાર કર્યા વિના ઘણાખરા માણસ કરજ કરેછે. એવા માણસને ઘણા દુષ્ટ જાણવા. કેટલાએક તો એવા દુષ્ટ હોયછે કે કરજ વાળવાની મુદ્દલ શક્તિ ન હોય તોપણ કરજ કરેછે. કેટલાએક પોતાના બાપદાદાની આબરૂ રાખવાના બાનાથી કરજ કરેછે, પણ ખરૂં જોઈશું તો તેઓ પોતાના બાપદાદાનું નામ બોળેછે. આપણે પાછું આપવા ન મળે એવું હોય તોપણ પારકાનું નાણું કે માલ લેવો, અથવા તે લીધા કેડે ઝટ પાછો આપવાને મહેનત ન કરવી એ અપ્રમાણિકપણું ને મોટો ગુન્હો છે. એવા દેણદાર ને ચોરમાં ફેર નથી, ને પરમેશ્વર આગળ પણ તે ચોર ગણાશે. વિશ્વાસઘાત ને દગલબાજીના મોટા અપરાધ તેને માથે બેસેછે. લેણદાર એની સાચવટ ને વચન

ઉપર ભરોસો રાખી ધીરેછે, તેથી જ્યારે દેવાદાર દેવું આપવાની ના પાડેછે, ત્યારે તે વચન તોડેછે. દેવાદાર જાણતો હોય કે મારાથી નહિ અપાય તો-પણ તે વિશ્વાસ આપી નાણાં કે માલ ઉધાર લે, ને પછી અપાય નહિ, ત્યારે તેણે દેણદારને છેતર્યો ખરો કે નહિ ? રસ્તામાં કોઈ આવી તેને લૂંટે તો તે ચોરે હરામનું લેવાનો ગુન્હો કર્યો, પણ છેતર્યો કહેવાય નહિ. પણ પેલા કરજદાર તો તેને લૂંટેછે, ને વિશ્વાસઘાત કરેછે, કેમકે તેનો માલ લેછે, ને લેતી વેળા પાછો આપવાનો વિશ્વાસ આપ્યોછે તે તોડેછે.

દેવું કરવાથી બીજાં પણ ઘણાં માઠાં પરિણામ થાયછે, તેમાં સૌથી માઠું એ છે કે દેવું કરનારને જૂઠું બહુ બોલવું પડેછે. સઘળા અવિચારી કે બેફીકરા કરજદાર ઘણું કરીને જૂઠા હોયછે. જ્યારે તે કાંઈ માલ ઉધાર લેછે, ત્યારે તેનાં નાણાં આપવાને વાયદો કરેછે. એ વાયદો પળાતો નથી. એક વાયદો પૂરો થયો એટલે વળી બીજો કરેછે. એમ ઘણાક વાયદા કરેછે ને હરવખત જૂઠા પડેછે. દેવાદાર જૂઠું બોલવાથી શરૂ કરેછે, ને અંતકાળ સુધી જૂઠું બોલેછે. જૂઠું બોલ્યા વિના તેમનું કામ ચાલે નહિ. એ રીતે દેવું કર્યાથી ઘણાંક બીજાં પાપ કરવાં પડેછે માટે જેમ દેવું ન થાય તેમ કરવું.

પાઠ ૧૮.

એક પાટવી કુંવર.

ઇંગ્લાંડના એક પાટવી કુંવર વિષે એવું લખેલુંછે કે તે સમજુ હોવા છતાં ઘણીજ તામસી પ્રકૃતિનો હતો, અને સ્વછંદી લોકોની સંગતમાંજ રહેતો. એક વખતે તેના એક સોબતીને કોઈ ગુનાહને માટે ત્યાંના વડા ન્યાયાધીશે કાયદા પ્રમાણે સજા ફરમાવી. પેલા પાટવી કુંવરે પોતાના દો-સ્તને માટે ઘણા વગ ચલાવી, પણ તેમાં કાંઈ વળ્યું નહિ ત્યારે કચેરીમાં જઈ તે ન્યાયાધીશના ઉપર હાથ ઊઠાવ્યો. જો એ જગાપર કોઈ બીજો માણસ હોત તો રાજા અથવા કુંવરથી બીહીને મૂંગે મોઢે ખમી રહેત, પણ આ ન્યાયાધીશે તેમ નહિ કરતાં તરતજ તે કુંવરને પકડાવી બંદીખાને

મોકલ્યો. પોતાની ભૂલ તેના સમજવામાં આવવાથી તે હુકમ તેણે માથે ચઢાવ્યો, કારણકે તે સમજ્યો કે કાયદાની નજરમાં રાય અને રંક સરખાજ છે.

આ વાત રાજાને કાને પડતાંજ તે બોલ્યો કે "હું કેવો ભાગ્યશાળી કે મારા રાજ્યના ધારા બરાબર અમલમાં લાવે એવો મારે ન્યાયાધીશ છે, અને તેને તાબે થાય એવો વળી મારે કુંવર છે"! રાજામાં આવી વર્તણુક કાંઇ થોડી વખાણવા લાયક નથી.

પાઠ ૧૯.

બ્રિટિશ રાજનીતિ.

આપણા દેશ ઉપર અંગ્રેજ લોકો રાજ્ય કરેછે માટે તેમના દેશમાં તેમની રાજનીતિ વિષે આપણે જાણવાની જરૂર છે. રાજા, અમીર, અને રૈયત મળીને કાયદા બાંધેછે; અને તે કાયદા અમલમાં લાવનાર માત્ર રાજાજ છે. એ ત્રણે મળીને જે સભા થાયછે તેને પાર્લ્યામેન્ટ કહેછે. અને તેજ સભા નવા કાયદા બાંધી શકેછે. ઇંગ્લાંડ, સ્કોટ્લાંડ, અને આયર્લાંડના મળીને આખા રાજ્યમાં તો ઘણા અમીર છે, પણ તે સઘળાને એ સભામાં બેસવાનો હક્ક નથી. એસિવાય અમીરની સભામાં કેટલાક ધર્માધ્યક્ષો પણ હોયછે. આમની સભામાં લોકો જેને પસંદ કરેછે તેને બેસવા દેછે. તે સભામાં છસો કરતાં વધારે સભાસદો છે.

જે પરગણાના તથા શહેરના રહેવાશીઓને પોતાની તરફથી પાર્લ્યામેન્ટમાં વકીલ મોકલવાનો હક્ક છે તેઓ પોતાને ગમે તેવા માણસને પસંદ કરી મોકલેછે. એ વકીલો, અમીરો તથા રાજા મળીને દેશના હિતને સારૂ કર વગેરેના નવા ધારા બાંધેછે.

હવે એ કાયદા બજાવવાની સત્તા રાજાના હાથમાં છે; પણ તેમાં કેટલીક શરતો છે તેથી એ સત્તા કેટલેક દરજ્જે નિયમમાં રાખી શકાયછે. સઘળું રાજાનું કામ તેની વતી તેના મંત્રીઓ ચલાવેછે માટે તેનો જુમ્મો તેઓને શિર છે. એ ઉપરથી તે દેશમાં રાજનીતિનો એવો એક નિયમ થઇ ગયોછે કે "રાજા કદી ખોટું કરેજ નહિ."

પાઠ ૨૦.

ત્રણ ચોર.

એક બ્રાહ્મણ બજારમાંથી બકરો વેચાતો લઈ પોતાના ખભા પર મૂકી ચાલ્યો જતો હતો, તેવામાં તેને ત્રણ ચોરે દીઠો. તેની જવાની વાટમાં ચોર જુદે જુદે ઠેકાણે આગળથી જઈ ઊભા. પહેલો ચોર જ્યારે બ્રાહ્મણને મળ્યો ત્યારે તેણે કહ્યું "કેમ ભાઈ, ક્યાં જાઓછો? ખુશીમાં તો છો? પણ આ શું? આ કૂતરાને ક્યાં લઈ જાઓછો? એને ખાંધે ચઢાવી લઈ જતાં શરમ નથી આવતી?" કૂતરો અપવિત્ર જાનવર છે અને તેને અડકવાથી બ્રાહ્મણ અભડાય એવું લોકો માનેછે, એવું ધારીને ચોરે એ પ્રમાણે કહ્યું. પેલા બ્રાહ્મણે જવાબ દીધો કે "આ કૂતરો નથી, પણ બકરો છે." આગળ ચાલતાં બીજો ચોર મળ્યો તેણે કહ્યું, "રે ભાઈ! આ કુતરાને ક્યાં લઈ ચાલ્યા? પીઠ ઉપર કુતરાને લઈ જવો એ બહુ પાપનું કામ છે." બ્રાહ્મણે મનમાં ગુંચવાઈ બકરાને નીચે ઉતારી તપાશી જોયો. પણ તે તો બકરોજ છે એમ ખાતરી થઈ તેથી તેને ફરી ઊંચકી આગળ ચાલ્યો. આગળ ચાલતાં થોડે દૂર ત્રીજો ચોર મળ્યો તેણે પણ પેલા બેના જેવોજ સવાલ કર્યો. એથી બીને તેણે ભોળપણમાં બકરાને નાંખી દીધો; અને તે કૂતરોજ છે એમ માની તથા પોતાને અભડાયલો ધારી તે નહાવા ગયો. બકરાને લઈ ચોરોએ મારી ખાધો. બ્રાહ્મણની મૂર્ખાઈ અને નબળા મન ઉપર તેઓ હસવા લાગ્યા.

પાઠ ૨૧.

છોડીઓને ભણાવવા વિષે.

સ્ત્રીઓને કેળવણી આપવાની ઘણી જરૂર છે. દરેક માબાપને ઘટેછે કે તેણે પોતાની દીકરીને સારી નિશાળોમાં મોકલવી. કેળવણી લીધાથી અમારી દીકરી નીતિવાન થશે, તથા મોટી થઈ પોતાનાં બાળકોને નીતિવાન કરશે, એવું સમજતાં છતાં જે માબાપો હઠ પકડીને પોતાની દીકરીઓને કેળવણી આપવા નિશાળે મોકલતાં નથી, તેઓ વડીલ પ્રમાણે પોતાનો ધર્મ પાળતાં નથી. વળી છોડીઓની નિશાળોમાં મોકલવાથી

બીજા અનેક લાભ થાયછે. આખો દિવસ ઘરમાં રહ્યાથી કજીઆ કંકાસ કરતાં શીખે, તથા અહીં તહીં આથડતી ફરે; વળી પોતાની માતાને, કાયર કરે, ખરાબ છોકરાઓની સંગત કરે તથા પોતાની માને કજીઆ કરતાં જોઈ અને બીજાઓની નિંદા કરતાં સાંભળી પોતે તે પ્રમાણે વર્તે. એસિવાય અનેક દુરાચરણ શીખે; એ બધી ખરાબી નિશાળે ગયાથી ઘણેક દરજ્જે બંધ પડેછે. રૂડી કેળવણીથી દુરાચરણ ન શીખતાં તમારી દીકરીઓ સદાચરણથી વર્ત્તવા શીખે એટલુંજ નહિ, પણ ચાર સારી છોકરીઓની સંગતથી સારાં સારાં ગીતો ગાતાં તથા શોભાયમાન ભરતો ભરતાં શીખે, એ કંઈ થોડો લાભ નથી. એ સિવાય પણ તેઓને કેળવણી આપવાથી અનેક લાભ થાયછે. તેનું વર્ણન થોડી જગામાં થઈ શકે તેમ નથી.

અસલના હિંદુઓમાં સ્ત્રીઓને ભણાવવાનો ચાલ હતો એવું પુરાણાદિક ગ્રંથોથી તથા જૂની વાર્તાઓની ચોપડીઓથી માલૂમ પડેછે. સ્ત્રીઓને ભણાવવા વિષે શાસ્ત્રમાં બાધ જણાતો નથી. સ્ત્રી કેળવણી વગર આ દેશની સ્થિતિ સુધરશે નહિ. સુધરેલા દેશોમાં સ્ત્રી કેળવણી ઉપર ઘટતું ધ્યાન આપવામાં આવેછે.

પાઠ ૨૨.

કરવિષે.

દુનિયામાં કેટલાક મૂલકમાં ચોરનો ભો એવો તો હોયછે કે હથિયાર અને વળાવા રાખ્યા વિના રસ્તે જવું મુશ્કેલ પડેછે. મુસાફરો એવું લખેછે કે કેટલેક ઠેકાણે ખેડુત ખેતરમાં વાવેતર કરવા જાયછે, ત્યારે પોતાની જોડે તરવાર કે ભાલાવાળા સોબતી લઈ જાયછે. જો એમ ન કરે તો જે બી લઈ ગયો હોય તે હરામખોરો લુંટી લઈ જાય એમાં કંઈ ફેર નથી. એવી રીતે ખેતીવાડીનું કામ કરતાં ઘણો ખરચ પડેછે, કેમકે જે કામ એક માણસથી થાય તેને સારૂ બેની જરૂર પડેછે. એક ખેડુત થાયછે ને બીજો સિપાઈ થાયછે. એણે કરીને જે ફળ એક જણને મળે તેમાં બે ભાગીઆ થાયછે. વળી એથી કરીને કોઇને પોતાની માલ મિલ્કતનો પૂરો ભરોસો રહેતો નથી, કેમકે કોઇ વાર એ લુંટારાનાં

ટોળે ટોળાં આવીને ચોકીદારોને પણ મારેછે, અને મહેનત કરીને જે માલ ઊગાવેલો હોયછે તે લૂંટી જાયછે. માટે એવા મૂલકમાં ખેતી થોડીજ થાયછે; ઘણી જમીન ઊજડ પડી રહેછે; વસ્તી પણ થોડી, અને લોક બહુ કંગાળ હોયછે. માલ મિલ્કતનું સંરક્ષણ નહિ તેથી એવી દશા થાયછે.

જે દેશમાં જંગલી માણસ વસેછે, તે બધા દેશમાં એવુંજ હોયછે. ત્યાં હરેક આદમીને પોતાનું રક્ષણ કરવાને માટે ઘણો વખ્ત ખોવો ને મહેનત કરવી પડેછે, તથા તેને ફીકર પણ બહુ રહેછે. જેની સામું લડીશકાય તેની જોડે લડવા સારૂ પોતાના બચાવને માટે હથિયાર બનાવવાં પડેછે તેમાં, અથવા જેની સામું ન થવાય તેનાથી સંતાઇ જવાની જગો શોધવામાં આદમીઓનો બહુ વખ્ત જાયછે.

જ્યાં સરકારનો અમલ પૂરો જામેલોછે, અને એ વાતપર ઘણી તપાસ રહેછે, ત્યાં એમાંનું કંઈ હોતું નથી; એ સઘળી પીડા ટળી જાયછે. સરકારનું કામ રક્ષણ કરવાનું છે, એટલે કપટ ને જુલમથી લોકના જાનમાલને નુકશાન ન થવા દેવું. એટલાસારૂ સરકાર લશ્કર રાખેછે તે પરદેશી દુશ્મનો અને લુંટારાનાં ટોળાંને મુલકમાં પેસવા દેતાં નથી. વળી ગુનેગારોને પકડી કાઢવાને સારૂ સિપાઈઓ અને બીજા કામદારોને રાખેછે; ઇનસાફ કરવાને સારૂ ન્યાયાધીશો અને અદાલતો રાખવામાં આવેછે; અપરાધીઓને કેદ કરવાને તુરંગ બાંધેછે; કહેવાનો સારાંશ કે જેથી કરીને લોક સલાહસંપમાં રહે, અને તેમનો બચાવ થાય એવા તમામ ઉપાય સરકાર કામે લગાડેછે.

લશ્કરનો, કામદારોનો, અને જે જે કંઈ સરકાર રાખેછે, તે બધાનો ખરચ લોક આપેછે. એ લોકના ફાયદાને સારૂ છે; માટે લોકને લાજમ છેકે એ ખરચ સઘળો આપવો. આ કારણ માટે સર્વ લોક પાસેથી કર લેવામાં આવેછે. લોક પોતીકા રક્ષણને માટેજ એ કર આપેછે. જેમ જંગલી મૂલકમાં જ્યાં ચોરના ભયને લીધે ખેડુત પગાર આપીને હથિયારવાળાં માણસને પોતાના રક્ષણને માટે રાખેછે, તેમજ એવા રાજમાં લોક પોતાની સરકારના ખરચને માટે કર આપેછે, માટે કર તે પેલા સિપાઇનો પગાર સમજવો.

પાઠ ૨૩.

કર આપવા વિષે.

ઘણા જણ એમ સમજેછે કે કર આપીએ છીએ તે બીજા ખરચ કરતાં ઘણીજ જુદી જાતનો છે. કરના બદલામાં શું પાછું મળેછે તે તેઓ જાણતા નથી, અથવા જાણતા હોય તો કદાપિ વીસરી જાયછે. પણ ખરેખરૂં જોતાં એ પણ પૈસા આપીને માલ ખરીદ કર્યા બરોબર છે. જેમ નેસ્તીને ત્યાં નાણું આપીને ઘઉં કે બાજરી લઇએ છીએ, જેમ કાપડીઆને ત્યાંથી લુગડું વેચાતું લઇએ છીએ, તેમ આપણે સરકારને કર આપીને આપણું સંરક્ષણ વેચાતું લઇએ છીએ. એ આપીએ છીએ તેથી લુંટાવાનો, ઠગાવાનો, કે માર્યા જવાનો આપણને ભો નથી. જો એમ નહોત, તો ખાવાને અન્ન ને પહેરવાને લુગડાં મેળવવાને હાલ આપણને જેટલો વખત લાગેછે તેનો અર્ધો, આપણે લુંટાઇએ નહિ માટે સંભાળ કરવામાં જાત; અને અર્ધો માત્ર રહેત તેટલામાં ખાવાનું ને ઓઢવાનું મેળવવું પડત. કદાપિ એમ ન કરત તો પોતીકી સંભાળ કરવા સારૂ બીજો આદમી રાખવો પડત ને તેને નાણું આપવું પડત. એ ખરચ કર આપવા કરતાં પણ વધારે થાત, અને તેવું છતાં પણ જોઇએ તેવું રક્ષણ થઈ શકત નહિ.

એ ઉપરથી તમારા સમજ્યામાં તો આવ્યું હશે કે સરકારને જે કર આપીએ છીએ તે આપણા સંરક્ષણનું ભાડું છે. જેમ આપણે જોઇતી ચીજને સારૂ નાણું આપીએ છીએ, તેમ એને સારૂ પણ આપીએ છીએ, પણ એ બેમાં ફેર માત્ર એટલોજ છે કે બીજો ખરચ તે માણસ પોતાની મરજી મુજબ કરેછે, અને આ તો તેને જરૂર કરવો પડેછે. એ આપ્યા વગર તો ચાલેજ નહિ. જો તમારી નજરમાં આવે તો તમે છાપેલી ચોપડી વેચાતી લો, તમારી ખુશી નહોય તો ખેર તમારે હાથે ઉતારી લો, પણ સરકારના કર વિષે એમ કદી થાય નહિ. તમારાથી એમ ન કહેવાય કે હું કર શું કરવા આપું? હું મારી જાતનું, અને મારા માલનું રક્ષણ મારી મેળે કરીશ; મારે કંઈ સરકારને આપવાની જરૂર નથી, એવું જો કોઈ કહે તો તેને જવાબ એટલોજ મળશે કે ત્યારે તમે કોઈ

ઊજડ મુલકમાં જઈને વસો. જ્યાંલગી તમે અમારા દેશમાં રહેશો ત્યાંલગી લશ્કર જેમ સૌની સંભાળ લેછે તેમ તમારી પણ લેશે ; કાયદાથી અને ઈનસાફદારેથી જેમ સૌ લોકનું રક્ષણ થાયછે તેમ તમારૂં પણ થશે. તેટલા માટે તમારી મરજી હોય કે ન હોય તોપણ સરકાર સૌ ભેગો તુમારો પણ બચાવ કરેછે, માટે તમારે કર આપ્યા વિના છૂટકો નથી. તમારે હિસ્સે જે એ બાબતનો ખરચ આવશે તે આપવોજ પડશે.

એ કોઈ પણ રીતે ગેરવાજબી નહિ કહેવાય કે સરકારના આશરા તળે જ્યાંલગી હરેક કોઈ રહે ત્યાં લગણ તેને તાબે રહેવું અને કર આપવો. ઘણા લોક એમ ધારેછે કે કર ન આપવો, અથવા કર વસૂલ કરનારા કારભારીને ઠગવા એ મોટી ખબડદારીનું કામ છે, પણ એમ કોઈ કાળે સમજવું નહિ. જે કોઈ એવું કરે તે ધિક્કારવા જોગ છે. એ લોક બહુજ ખોટું કરેછે. સરકારના અમલ નીચે રહીને જાનમાલની સલામતી ભોગવવી, ને એ વિના બધી રીતના ફાયદા લેવા, અને પછી તેને વાસ્તે સરકારને ખરચ થાય તેમાં આપણો હિસ્સો ન આપવો, એ ઘણી લુચ્ચાઈનું કામ છે. એની પૂરી સમજ પડવા સારૂ એક દાખલો લઈએ. જાણે કેટલાક ગામવાળાએ મળીને એક તળાવ બંધાવ્યું અને તેમાંથી પોત પોતાના ખેતરમાં તે સૌ પાણી લેછે. એમાંના કેટલાક જણ પોતાને હિસ્સે ખરચ આવે તે કરતાં ઓછું આપે તો બધો હિસાબ બરાબર ચૂકવી આપવાને બીજાઓને વધારે આપવું પડે, એ કેવું ગેરવાજબી છે ! એ જેવું ગેરવાજબી છે તેવીજ કર આપવામાં ઠગાઈ કરવી પણ છે. ઠગ લોક દગો કરે, તો તેથી ભલા માણસોને વધારે આપવું પડે. એ ઘણું ગેરવાજબી છે, માટે કર આપવામાં કદી હરકત કરવી નહિ તથા જૂઠાણ ચલાવવું નહિ.

પાઠ ૨૪.

શિયાળ ને બકરો.

એક શિયાળ ને બકરો ચાલ્યા જતા હતા. તે દહાડે તાપ બહુ પડતો હતો તેથી બેઉ તરશ્યા થયા. પાણીની શોધ કરતા હતા, એટલે તેમણે

એક ખાઈ દીઠી; તેમાં પાણી હતું તે જોઈને બંને જણે માંહે ભુસ્કો માર્યો, ને પાણી પીને તરશ મટાડી, પણ હવે કેમ બહાર નીકળવું તેનો મોટો વિચાર થયો. તેમણે ઘણી જુક્તિ કરી, પણ કાંઈ લાગ ફાવે નહિ. છેલ્લે તે લુચ્ચા શિયાળે કહ્યું કે આપણે નીકળવાનો એક ઉપાય છે, તે એ કે તું તારા પાછલા પગ ઉપર ઊભો રહે, ને આગલા પગ ખાઈના કરાડ સાથે ટેકાવે, તો હું તારાં શીંગડાં ઉપર ચડીને બહાર નીકળી જાઉં. હું ઉપર ગયો એટલે તારાં શીંગડાં ઝાલી ઊંચકી લેતાં મને કાંઈ વાર નથી. તે ભોળે બકરે તે વાત ખરી માની, પણ એટલો વિચાર ન કર્યો કે શિયાળમાં મને ખેંચી કાઢવાને જોર નથી. પછી તે તેપ્રમાણે ઊભો રહ્યો, ને શિયાળ તેનાં શીંગડાં પર ચડીને કુદકો મારી બહાર નીકળી ગયો. વળતી બકરો બોલ્યો કે મને ખેંચી લે, ત્યારે શિયાળે ઉત્તર દીધો કે મૂર્ખા, તારાં આટલાં વરસ પાણીમાં ગયાં? જો, તારી દાઢી વધીછે તેટલી અકલ વધી હોત તો તને વિચાર આવતજ કે તને કાઢતાં ઘણુંજ કઠણ પડે, માટે તારો જીવ ઉગારવાને મારો જીવ જોખમમાં નહિ નાંખું, તોપણ, જો તું જીવતો રહ્યો તો મારી આટલી શીખામણ પ્રમાણે ચાલજે કે કોઈ ખાડામાંથી બહાર કેમ નીકળાશે તેનો વિચાર કરીને માંહે કુદકો મારવો. એ શીખામણ ત્યાં એક ગાય બેઠી બેઠી સઘળું જોતી હતી તેણે સાંભળી ત્યારે તે બોલી કે, લુચ્ચા ને આપમતલબી શિયાળના જેવી મારી બુદ્ધિ નહિ થાઓ; મને તો ભોળા ને મૂર્ખ બકરા જેવી બુદ્ધિ થાઓ, કેમકે લોક મને લુચ્ચી લેખે તે કરતાં મૂર્ખ લેખે તો ફીકર નહિ.

પાઠ ૨૫.

આ દેશની વિધવાઓ.

આ દેશમાં બાપડી વિધવાઓપર જે વિપત્તિ પડેછે તેથી દયાળુ લોકને તેમનાપર બહુ દયા આવેછે. આગલા જમાનામાં તો તેઓ પોતાના વરનાં મુડદાં જોડે બળી મરતી. સને ૧૮૧૭ માં એકલા બંગાળામાંજ સાતસેં વિધવાઓ બળી મુઈ. વરસો વરસ આખા હિંદુસ્તાનમાં કેટલાં ખૂન એ રીતે થતાં હતાં તેનો અડસટ્ટો વાંચનારના મનમાં એ ઉપરથી

કાંઈક આવશે. એ ખૂનને સતી થવું કહેતા. લાર્ડ વિલિયમ બેન્ટિંક સાહેબ નામે એક દયાળુ ગવર્નર જનરલે એ ખૂની ચાલ બંધ કરી.

વિધવાઓ જીવતી બળી મરે એની સરકારે મના કરી, તોપણ એ બિચારી અબળાઓ ઉપર ઘણો જૂલમ રહ્યોછે.

બાપડી ત્રણ, પાંચ, કે સાત વરસની છોડીને તેનો બાપ ઘણી વાર ત્રીસ, પચાસ, કે સિત્તેર વરસના વરને પરણાવેછે. જે દહાડે પરણે તે દહાડે વરની ઝાંખી કરે, બીજીવાર તેનું મોં જોવાનો કદાપિ વારો પણ નહિ આવ્યો હોય, ને તે બાપને ઘેર કાલું કાલું બોલીને રમતી હોય એટલામાં જે એનો વર કહેવાતો હોય તે ગુજરી જાય. તેના મોતની ખબર આવે તે દહાડે તે બાપડી રાંડેછે, ને આખા ભવ સૂધી રાંડીરાંડ રહેછે. સારાં લુગડાં, ઘરેણાં, તથા કેટલાંએક વરસ સૂધી સારૂંસારૂં ખાવું પીવું એ સૌ તેની પાસે વરજાવેછે. ઘણાક તો તે બાપડીનો સુંદર ચોટલો ઉતરાવી નાંખેછે. એ બિચારીના દુઃખનો પારજ નથી. તેનું મોં જોવું કોઇને ગમતું નથી. તે રસ્તામાં મળે તો અપશુકન થાયછે. શુભ કામ થતું હોય ત્યાં તેને રહેવા દેતા નથી. કેટલીએક નાતોમાં થોડાં વરસ સૂધી તેને લોટ ફકાવે, એકવાર જમાડે, ભોંયપર સુવાડે, ને અંધારામાં રાખે, એવી એવી આપદા પાડેછે. એ વિના બીજાં પણ દુઃખ તેનાપર પડેછે. યૂરોપ દેશમાં રાંડીરાંડ ઉપર સૌ લોક દયા કરેછે, ને તે જેમ સુખી થાય તેમ કરેછે. અહીં તો રાંડ એ મોટી ગાળ છે. કેટલીક નાતોમાં તેને લીધે તેનાં માબાપ, માશી, મોટી બેન, વગેરે સૌને જમવા જવું તજવું પડેછે. જુદી જુદી નાતોમાં ને જુદા જુદા પ્રાંતોમાં વિધવાને વગર કારણે પીડવાની જુદી જુદી રીતો છે. જીવાડવું ને મારવું તો પરમેશ્વરને હાથ છે. એનો વર મરી ગયો તેમાં એ બાપડી શું કરે? વહુ મરી જાયછે ત્યારે તેના વરને તો કોઈએ કંઈ દુઃખ દેતું નથી; તે તો બીજી પરણેછે, ત્યારે એણે બાપડીએ શાં પાપ કર્યાં? વિધવાઓને ફરીથી પરણવા દેવાનાં બીજાં ઘણાં મજબૂત કારણો છે તે પુનર્વિવાહ નિબંધ વાંચેથી જણાશે.

વિધવાનાં દુઃખ ઓછાં કરવાને સરકારે દયા આણી સને ૧૮૫૬ માં એક નવો કાયદો કરી તેમને પુનર્વિવાહ કીધા છતાં વારસા વગેરેનો હક્ક કાયમ રાખ્યોછે. પહેલીવાર પરણેલીને તથા તેનાં છોકરાંને વારસા વગેરે-

નો હક્ક છે તેટલોજ હક્ક રાંડ્યા પછી જે બૈરી ફરીથી પરણે તેને એ કાયદાથી મળેછે. બંગાળાના કેટલાક સારા સારા બ્રાહ્મણો અને શેઠીઆઓ પોતાની રાંડેલી છોડીઓને ધમધોકારે પરણાવેછે.

નાની છોડીઓને પરણાવવાનો, તથા ઈશ્વરની ઇચ્છાએ સ્ત્રીઓ રાંડે ત્યારે તેમને દુઃખ દેવાનો, તથા ફરીથી પરણવા ન દેવાનો ચાલ બીજી કોઈ સુધરેલી પ્રજામાં નથી. આ દેશમાં એ ચાલ હોવાથી બહુ લોકને નકામું દુઃખ ભોગવવું પડેછે, ને બહુ પાપ થાયછે. માટે ઢીલ કર્યાં વિના એ ચાલ રદ કરવા જોઇએ.

પાઠ ૨૬.

દાકતર ચકરબતી.

આ પ્રખ્યાત માણસ સન ૧૮૨૭ માં બંગાળા દેશના ઢાકા જિલ્લાના એક ગામમાં અવતર્યો હતો. એનાં માબાપ છેક નિર્ધન હતાં. તે બ્રાહ્મણ હતાં, તેઓ એને છ વરસનો મેલી મરણ પામ્યાં. એના ગામમાં એક નિશાળ હતી, ત્યાં તે સંસ્કૃત, ફારસી, ને બંગાળી એ ત્રણ ભાષા શીખ્યો. તેર વરસનો થયો ત્યાંસુધી તેણે સાહેબ લોકનું મોં જોયું નહોતું, ને ઇંગ્રેજી ભાષાનું નામ પણ સાંભળ્યું નહોતું. એક ઇંગ્રેજ અમલદાર તેના પરગણામાં આવ્યો તેની કચેરી ચકરબતી જોવા ગયો. તે સાહેબની બોલી સાંભળી તેને તે શીખવાનું બહુ મન થયું. એના ગામથી સાઠ મૈલપર એક શાહેરમાં ઇંગ્રેજી નિશાળ હતી, ત્યાં તે તરત જવા નીકળ્યો. તે વેળા એની ખાંધે પહેરવાનાં લુગડાંની એક નાની ગાંસડી હતી. ખાવાને થોડા પૈસાવિના બીજું તેની પાસે કાંઈ નહોતું. શાહેરમાં પહોંચ્યો ત્યારે તેની પાસે ખાવાનું કાંઈ રહ્યું નહોતું, ને શાહેરમાં કોઈ જોડે ઓળખાણ પણ નહોતું. અંગ્રેજી નિશાળનો માસ્તર દેશી હતો તેને ત્યાં જઇને કહ્યું કે જો તમે મને અંગ્રેજી ભણાવો તો હું તમારે ત્યાં મફત રાંધવા રહું. માસ્તરે તેમ રાખવાની હા કહી. એ રીતે અંગ્રેજી ભણવા માંડ્યા પછી તેને મંદવાડ વગેરે કેટલીક અડચણ પડી, પણ તેથી તે હિમ્મત હાર્યો નહિ, ને પોતાની ઉમેદ પાર પાડી. સને ૧૮૪૩ માં આલેકઝાન્ડર સાહેબ

નામે એક ગૃહસ્થે તેને કલકત્તાની વૈદ્યક શાળામાં ભણવાનો ખરચ આપવા કહ્યું, તે ઉપરથી ચકરબતીએ તે શાળામાં દાખલ થવાની પરીક્ષા આપી, પરંતુ નાપસંદ પડયો. બીજે વર્ષે પાછી પરીક્ષા આપી, ત્યારે પસંદ પડયો. એ વરસમાં તેણે હિંદુ ધર્મ છોડી દીધો. એજ વરસમાં એટલે સને ૧૮૪૪ માં એ શાળામાં એવી ખબર આપી કે જેને વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ કરવા ઇંગ્લાંડ જવાની ખુશી હશે તેને મોકલવામાં આવશે. ચકરબતી જવાને તૈયાર થયો. એનાં સગાં વહાલાંએ બહુએ સમજાવ્યું કે તું ન જા, પણ તેણે માન્યું નહિ. તેમણે જોર જૂલમ પણ કરવા માંડયો, પણ તે કશાને તેણે પત કર્યું નહિ. નાત, જાત, વગેરે બોધને પણ ઇંગ્લાંડ જવાની તેણે છાતી ચલાવી. સન ૧૮૪૫ માં ત્યાં પહોંચ્યો. એ વરસના એપ્રિલ મહિનામાં તે ત્યાંની એક પાઠશાળામાં દાખલ થયો. ત્યાં તેને સોનાનો એક ચાંદ તથા માનપત્ર મળ્યાં. સને ૧૮૪૭ માં તેણે છચોક ખ્રિસ્તિ ધર્મ પાળવા માંડયો. ૧૮૪૮ માં તે સર્જન, ને ૧૮૪૯ માં દાકતર થયો. સને ૧૮૫૦ માં તે સ્વદેશ આવ્યો. આવતાંવારને તેને સરકારે દાકતરની નોકરી આપી. એ નોકરીમાં તે થોડાં વરસમાં ઊંચે દરજ્જે ચડયો, ને તેને ભારે પગાર મળતો.

દાકતર ચકરબતીના ચરિત્ર ઉપરથી જણાયછે કે હરકોઈ ગમે એવો ગરીબ હોય તોપણ તે હિંમતથી પાર પડેછે.

પાઠ ૨૭.

પૃથ્વી.

જે ઉપર આપણે રહીએ છીએ તે પૃથ્વી છે. એ ઉપર આપણી નજર પહોંચે ત્યાં લગણ જોયાથી ચપટી હોય એવું લાગેછે, પણ એવી કાંઈ નથી. એ તો ગોળ દડા જેવી છે. એને કાંઈ આધાર એટલે ટેકો નથી; ગગનમાં સૂરજ ચંદ્રની પેઠે અધર રહેલીછે. એ મોટી છે ખરી, તોએ ઝડપથી ચાલનારૂં વહાણ ત્રણ ચાર મહિનામાં એની પ્રદક્ષિણા ફરી વળેછે. લોકો સમજેછે કે એ હાલ્યાચાલ્યાવિના સ્થિર રહેલીછે, પણ એમ નથી. ગાડાના પૈડાંની પેઠે એ સદા ફરતીજ રહેછે. એનો એક

ફેરો ચોવીસ કલાક કે સાઠ ઘડીમાં પૂરો થાયછે, અને એના ફરવાથી રાત ને દહાડો થાયછે. પૃથ્વીનું જે પાસું સૂરજ ભણી હોયછે ત્યાં અજવાળું રહેછે; ને જેટલીવાર અજવાળુ રહેછે, તેટલીવારને દહાડો કહેછે. પણ જે પાસું સૂરજ ભણી નથી હોતું, ત્યાં અંધારૂં રહેછે, ને જેટલા વખત સુધી અંધારૂં રહેછે તેટલાને રાત કહેછે. જ્યારે આપણે અહિંયા દહાડો હોય, ને સૌ પોત પોતાનો ધંધો કરતા હોય તે વખત આપણી નીચેના પૃથ્વીના બીજા પાસામાંના લોકને ત્યાં અંધારૂં ને રાત હોયછે, ને તે લોક ઊંઘતા હોયછે. પૃથ્વી સૂરજની આસપાસ એક વર્ષમાં ફરી વળેછે.

પાઠ ૨૮.

ચામડી.

ચામડીમાં ત્રણ પડ છે; ઊપલું, વચલું, અને નીચલું. ઊપલું પડ માત્ર માંહેના પડનું તથા તેની સ્પર્શ શક્તિનું રક્ષણ કરવા માટે છે, પણ તેમાં કાંઈ સ્પર્શનો ગુણ નથી. આપણા લોક ફોલ્લા ઊઠાડવાને થોરનું દૂધ, લસણ વગેરે મારેછે, જેને ઇંગ્રેજીમાં બ્લિસ્ટર કહેછે, તેથી ઊપલું પડ ઊપસેછે, અને પ્રત્યક્ષ દેખાયછે. ચામડીને ઘસારો પડેછે તેથી એ પડ કઠણ થઈ જાયછે, તેને આંટણ કે ચામઠાં કહેછે. મજૂર વગેરેના હાથમાં એવાં ચામઠાં પડેલાં ઘણી વખત જોવામાં આવેછે અને ઘણુંજ દરદ કે રોગ થાય તો એ પડનાં ભીંગડાં થઈને ખરી પડેછે. કેટલાંક જનાવરને તો તે વખતે વખતે ખરી પડેછે. તેમાં સાપની કાંચળી ઊતરેછે તે તો ઘણાખરા લોક જાણેછે.

ઊપલા પડની ચામડીનો રંગ જુદા જુદા દેશના લોકમાં જુદો જુદો નથી. ઇંગ્રેજ લોકની અને સીધીની ચામડીનું ઊપલું પડ તો ઘણું કરીને એકજ રંગનું હોયછે. પણ વચલા પડના રંગમાં ફેર હોયછે, તેથી કાળી કે ગોરી ચામડી થાયછે. એ વચલું પડ ઘણું નરમ ને જાળી જેવું હોયછે. સીધીની એ ચામડી ઘણી કાળી છે. અને એને છૂટી પાણીમાં નાંખે તો તેનો રંગ પાણીમાં ઊતરી જાયછે. નીચલા પડનો રંગ કાળાં ને ગોરાં સઘળાં માણસમાં એકજ તરેહનો હોયછે.

એ ત્રીજા પડમાં સ્પર્શનો ગુણ છે. આપણી આંગળીઓનાં ટેરવાંપર ચામડી ફૂલેલી છે ત્યાં ઘણો સ્પર્શ લાગેછે. એ સ્પર્શેંદ્રિને જ્ઞાનતંતુ હોયછે. તમે શીખી ગયાછો કે તે ઝીણા તાંતણા જેવા હોયછે, અને તેને મગજ સાથે સંબંધ છે. એ જ્ઞાનતંતુ આંગળીનાં ટેરવાંપર ઘણાં છે, અને તેજ કારણને લીધે ત્યાં જરા સ્પર્શ લાગે તો મગજને તરત જણાયછે. હાથી, ભૂંડ, ગેંડા, વગેરે કેટલાંક જનાવરને ઉપલા પડની ચામડી ઘણીજ કઠણ થાયછે. જે આકાશમાં ઊડેછે તેની ચામડીનું એ પડ ભૂખરૂં અને શીંગડા જેવું કઠણ હોયછે; અને માછલાની ઉપલી ચામડી ચીકટ હોયછે, તેથી પાણીની અસર તેને લાગતી નથી. ઘણાંખરાં જનાવરની ચામડી શરીરે લપેટાએલી હોયછે, પણ દેડકાં વગેરેની શરીરને થોડે ઠેકાણેજ વળગેલી હોયછે, બાકીની ઝૂલતી રહેછે, અને માંહે કોથળી જેવી પોલી જગા રહેછે.

પાઠ ૨૯.

છોકરાંને ઘરેણું ઘાલવાવિષે.

છોકરાંને ઘરેણાં પહેરાવવાને માબાપ આતુરતા રાખેછે, પણ એથી તેઓ હાથે કરીને અને જાણી જોઇને પોતાનાં છોકરાંના પ્રાણ જોખમમાં નાંખેછે. પોતાના બાળકને જીવના જોખમમાં મૂકવું એ કઈ જાતનું વહાલ હશે? પોતાની જૂઠી આબરૂને માટે માબાપ એ મૂર્ખાઇનું કામ કરેછે. થોડી વારની શોભા પોતાના બાળકના જીવ કરતાં વધારે સારી ગણવી એ મૂર્ખાઇ નહિ તો શું? ઘરેણાંથી નીપજતાં ભયંકર ખૂન જ્યારે તેઓ સાંભળેછે ત્યારે પોતાની મૂર્ખાઇ ઉપર થોડીવાર વિચાર કરી ઠરાવ કરેછે કે હવે આપણાં બાળકોને ઘરેણાં પહેરાવીશું નહિ; અને પહેરાવવાં તો ઘડીભર રેઢાં મૂકીશું નહિ; પણ થોડા દહાડા ગયા એટલે તેઓ ભૂલી જાયછે. અને જેમ જેમ પેલા ખૂનની વાત જૂની થતી જાયછે તેમ તેમ ઘરેણું ઘાલવાની ધાસ્તી પણ ઓછી થતી જાયછે. અને તેવામાં વળી પાછું એકાદું ખૂન ઘરેણાં સારૂ થયું કે આંખ ઊઘડેછે.

પ્રિય દેશીઓ! જો તમે તમારાં છોકરાંનું ભલું ચાહો તો તેમનાં શરીર શણગારવાની ખટપટમાં પડવાને બદલે તેઓનું કોમળ અને નાજુક મન શણગારવાની તજવીજમાં રહો. જો તમે તમારાં બાળકોનું મન શણગારવાની મહેનત કરશો તો સર્વે સારાં માણસો તથા ઇશ્વર તમારા ઉપર અને તમારાં છોકરાં ઉપર રાજી રહેશે. બહારથી છોકરાંને ધનપાળશા બનાવશો અને તેમનું મન સુધારશો નહિ તો તમે ધિક્કારવા જોગ ગણાશો. જે ફળ દેખાઇતું રૂડું અને શોભાયમાન હોય પણ ખાધે કડવું ઝેર જેવું લાગે તે ફળને કોણ ચહાશે? માટે તમારે એવો વિચાર ન રાખવો કે અમારાં છોકરાં ઘરેણાં પહેરશે તો તેને સૌ ચહાશે. ભમરો ખૂબસુરત છે, પણ તેને કોઇ ચહાતું નથી. મધમાખી ખૂબસુરત નથી તોપણ સર્વ તેને ચાહેછે.

આપણા દેશીઓ પોતાનાં બાળકના શરીર ઉપર ઘણી વખતે હજારો રૂપિઆનું ઝરીઆન પહેરાવેછે, પણ શરીરે સાવ નાગાં રાખેછે. જો વસ્ત્ર પહેરાવેછે તો મેલાં ગંદાં. ટોપી ફેરવીને જોઇ હોય તો મેલથી ભરેલી. તેમાંથી એવી દુર્ગંધ નીકળેછે કે સ્વચ્છ માણસને દુરથી કંટાળો છૂટે. એવાં મેલાં અને ગંદાં કપડાંથી તેઓનાં શરીરમાં રોગ થાયછે. મોટી અફસોસની વાત છે કે જે વસ્તુથી પોતાનાં બચ્ચાંનો જીવ જોખમમાં રહે તેવી જોખમ ભરેલી વસ્તુ પહેરાવવી, અને દર મહીને બે આના પાવલું ધોબીને વધારે આપીને સારાં અને સ્વચ્છ વસ્ત્ર પહેરાવવાં નહિ! આપણા દેશીઓમાં સુઘડતાની મોટી ખામી છે. અમે સર્વ માબાપોને વિનંતિ કરી કહીએ છીએ કે તમારાં બાળકોનું સારૂં ચાહીને તેઓનાં અંગ ઉપર જોખમ રાખીને તેઓના જીવને જોખમમાં નાખશોમા.

પાઠ ૩૦.

રંગ.

સ્વાભાવિક અને હસ્તકૃત વસ્તુઓના અનેક તરેહના રંગ હોયછે. પણ જેટલા રંગ આપણા જોવામાં આવેછે તેટલા બધા ત્રણ રંગના બનેલાછે. એ ત્રણને મૂળ રંગ કહેછે; રાતો, પીળો, અને વાદળી એ ત્રણ મૂળ

રંગ છે. લોહીનો રંગ તે લાલ કે રાતો; કેશરમાંથી રંગ નીકળેછે તે પીળો; આકાશનો રંગ તે વાદળી. એ મૂળ રંગોને એકઠા કરીએ છીએ ત્યારે બીજા રંગ થાયછે, માટે એ ત્રણ મૂળ રંગ સિવાય બીજા બધા મિશ્ર રંગ કહેવાયછે. વાદળી ને પીળો મળીને લીલો રંગ થાયછે. એ આપણી આંખને બહુ ગમેછે, ને આપણે તેને ઘણી વાર જોઈએ, તોપણ અણગમો થાય નહિ; એ કારણથી બીજા રંગના કરતાં આ રંગની સ્વાભાવિક વસ્તુઓ વધારે છે. લાલ તથા પીળો મળીને નારંગીઓ રંગ થાયછે. વાદળી ને રાતો મળીને ભાગો જાંબુઓ થાયછે. એમાં વાદળી વધારે નાંખીએ તો જાંબુઓ થાયછે. ચોમાસામાં સૂરજનાં કિરણ, આકાશમાં વરસાદનાં ઝીણાં ટીપાંમાં થઈને આપણી મેર આવેછે, ત્યારે મેઘધનુષ્ય થાયછે. એ મેઘધનુષ્યમાં ત્રણ મૂળ રંગ ને ચાર મિશ્ર રંગ છે, તેમાં પહેલો રાતો, પછી નારંગીઓ, પછી પીળો, લીલો, વાદળી, ભાગો જાંબુઓ, અને જાંબુઓ, એ અનુક્રમે હોયછે.

જગત્માં બધી વસ્તુઓમાં પ્રભુએ રંગો એવા વહેંચ્યાછે કે તે જોયાથી આપણને આનંદ ઉપજેછે. આકાશ, ખેતર, ઝાડ, ફૂલમાં તથા જનાવરોને દિલે એવા સુંદર રંગ કર્યાછે કે તે જોઈ જોઈને આપણે ખુશ થઈએ છીએ. બધી વસ્તુનો રંગ કાળો ને ધોળો કર્યો હોત તો તેને આપણે જોઈ શકત ખરા, પણ તેથી સઘળું ઉદાસ દેખાત. અનેક તરેહના રંગોને લીધેજ જગત્ આપણને રમણિક લાગેછે, પણ જો અજવાળું નહોત, તો એકે રંગ થાત નહિ; માણસ અંધારામાં ભટકીને અથડાઈ મરત. અજવાળું હોત ને આપણને આંખ ન હોત, તો અજવાળું ને રંગ સઘળું આપણને નકામું થાત, ને પૃથ્વી ઉજડ વેરાન જેવી જણાત. અજવાળું અને આંખ સરજાવનારની બેહદ ચતુરાઈની સીમા છે.

પાઠ ૩૧.

જન્મખોડ.—ભાગ ૧.

આપણે મોટાં મોટાં સુખ ઘણા દિવસલગી ભોગવીએ છીએ તેથી તે એવાં તો સાધારણ થઈ જાયછે કે જ્યાંસુધી તે વિનાના આપણે થઈએ

ત્યાંસુધી તેની ખરી કીમત આપણી નજરમાં આવતી નથી. આપણે નિર્મળ વા રોજ શ્વાસ લેવાને મળેછે. માટે તેની ખરી કીમત આપણા જાણવામાં આવતી નથી, પણ જે સાહેબ લોકોને કલકત્તાની અંધારી કોટડીમાં ગોંધ્યા હતા તેમાંથી કોઈ ઊગરેલાને પૂછીએ કે ભાઈ શું થયું? તો તેજ કહી શકશે, કેમકે તે અનુભવથી જાણેછે કે સ્વચ્છ ને ખુલ્લા વાયુ વગર કેવા હાલ પડેછે. તેમજ પાણી વિના કેવું કષ્ટ વેઠવું પડેછે તે અલીબેગ અને તેના સોબતીઓ જેવા જેઓ ઊજડ રેતીનાં મેદાનોમાં ફરેલાછે તેઓજ જાણેછે. એવે ઠેકાણે પાણીનું એક ટીપું તેમને મળતું, ત્યારે તે કેવા આતુર થઇને લેતા!

એજ પ્રમાણે પોતાના સઘળા અવયવ સલામત છે તેને વાસ્તે પરમેશ્વરનો પાડ થોડાજ લોક ખરા દિલથી માનતા હશે; પણ જ્યારે તે બીજાને જુએછે કે તેમનાં કેટલાંક અંગ નથી, ત્યારેજ તેમનાં મનમાં તેની ખરી અગત્ય ઊતરેછે. ઘણાને કેટલીક જન્મની ખોડ હોયછે, તે જોઇને આપણે તેની દયા આણવી જોઇએ. જેમણે આંધળાં, બહેરાં અને મૂગાં માણસોનાં દુઃખ નજરે દીઠાં હશે તેમનાં મનમાં નિશ્ચય એવું આવશે કે આંખ, કાન, ને મા સલામત હોવાથી કેટલું સુખ છે! વળી એમ પણ તેમને લાગશે કે આપણે એ સઘળાં અંગ પૂરાં પાધરાં છે, તો તેનો શો ઉપયોગ કર્યો? તેનો ખરો ઉપયોગ કર્યોછે કે ખોટો, એ વિષે જો હમણાં તે વિચાર નહિ કરે તો પછી પોતાના ઉત્પન્ન કરનારને શો જવાબ દેશે?

આદમીને એવી એવી ખોડ હોયછે તેથી જે પીડા તે ભોગવેછે તે જોઇને આપણને દુઃખ ઊપજ્યા વિના રહેતું નથી, પણ તેની હાલત સુધારવાને ભલા ને બુદ્ધિમાન પુરૂષો ઉપાય કરેછે તે સાંભળીને આપણે રાજી થવું.

અંધાપા વિષે—આંધળા માણસ આંખે કંઇ દેખી શકતા નથી, માટે તેમની બીજી ઇંદ્રિયો વધારે કૌવતવાળી થાયછે એમાં કાંઇ શક નથી. બીજા દેખતા આદમી કરતાં તેમની સાંભળવાની, વાસ પારખવાની, અને લાગવાની ઇંદ્રિયો ઘણી સારી હોયછે, માટે જે કંઇ જોઇને શીખાય તે આપણે તેમને એ ઇંદ્રિયોની મદદથી સારી રીતે શીખવી શકીએ.

લાગવાની ઇંદ્રિથી આંધળાને વાંચતાં, લખતાં, ભૂગોળ વિદ્યા, અને બીજી કેટલીક વાતો શીખવી શકાયછે. એ વિના કેટલીક કળા જેવી કે છાપવાની, કાંતવાની, વણવાની, અને ટોપલીઓ કરવાની પણ શીખવવામાં આવેછે.

એ ઘણું આશ્ચર્ય જેવું છે ખરૂં તથા એ શીખવતાં પરોપકારી અને બુદ્ધિમાન માણસોને બહુ વખત, મહેનત, અને ધીરજ રાખવાં પડ્યાં હશે. જે આદમીને કંઇ પણ સાધારણ રીતે કેળવણી ન મળી શકે તેને એવું શીખવવાને ઉપાયો શોધી કાઢવા એ કંઈ સહેલું કામ નથી.

ગ્રેટ બ્રિટનમાં, આયર્લાન્ડમાં, અને એવિના યુરોપ ખંડમાં ઘણા દેશમાં આંધળાંને શીખવવાની નિશાળો છે. આંધળાં આંગળી ફેરવીને વાંચી શકે એવી તરેહનાં પુસ્તકો છાપવાની કરામત કરવામાં આવીછે.

પાઠ ૩૨.

જન્મખોડ—ભાગ ૨.

આંધળાંને શીખવવાના મૂળાક્ષર લોઢાના છૂટા છૂટા કરેલા હોયછે, એટલે અક્ષરની કોરણો એવી ઊપસેલી હોયછે કે તેનો આકાર આંગળાં ફેરવતાં તરત ઓળખાઈ આવે. એવા બધા અક્ષર ચોરસ ખાનાંમાં ભરેછે. એ વિના નિશાનીઓ, આંકડા, સૌ હાથમાં આપી અને નામ કહી જુદાં જુદાં ખાનાંમાં ભરેછે. પછી તે આંધળો આદમી હાથ ફેરવી ફેરવીને બધાં ઓળખતાં શીખેછે. ત્યાર કેડે સ્વર અને વ્યંજન ઓળખાવેછે; પછી તેનાં પદ, શબ્દ, અને વાકયો જોડતાં શીખવેછે. એ સારી પેઠે આવડ્યાપછી ચોપડી વાંચવા માંડેછે.

એ ચોપડીઓ ઘણા જાડા ને મજબૂત કાગળપર છાપેલી હોયછે. એ કાગળ ખૂબ પલાળીને લાહી જેવા નરમ કરેછે, પછી તે પર ખીબાંવતે છાપેછે, એટલે અક્ષર બરાબર ઊપસેલા રહેછે, તેથી આંગળી ફેરવીને તે વંચાયછે. એવી રીતે તે ચોપડીઓ વાંચતાં શીખેછે એટલુંજ નહિ, પણ પારકી ભાષાઓથી પણ માહિતગાર થાયછે.

લખતાં શીખવાને કાગળ ચોકઠામાં જડેછે, અને તેપર લખેછે. પહેલાં આંધળાં જે લખતાં તે વાંચી શકતાં નહિ. પણ હાલ એક આંધળા માણસે એવી યુકિત કરીછે કે કાગળની નીચે જાડું રેશમી લુગડું રાખવું એટલે પેન્સિલવતી જે કાગળપર લખાશે તે બરાબર જાણવામાં આવશે.

ભૂગોળ વિદ્યાને સારૂ જાડા પૂઠાપર નકશા પાડી તેમાં દેશના વિભાગ બરાબર બતાવવાને તાર બાંધેલા હોયછે, તથા ગામો અને બેટોને સારૂ નાના મોટા ગોળ માથાના ખીલા બેસેલા હોયછે.

પારિસમાં જે નિશાળ છે તેમાં આંધળાંને એવું શુદ્ધ રીતે છાપતાં શીખવેલુંછે કે અંધાપાવિષે એક ચોપડી આંધળાઓએ પોતાની મેળે છાપીને પ્રગટ કરીછે.

બહેરાં ને મૂંગાંવિષે.—જેમ આંધળાંને શીખવાસારૂ છાપેલી ચોપડીઓ વગેરેની હિકમત કાઢીછે, તેમ બહેરાં મૂંગાંને સારૂ પણ ઈશારત વિદ્યા કાઢવામાં આવીછે. એને કરપલ્લવી કહીએ તો ચાલે. હાથનાં નામાં કોઈ કોઈ ગામઠી મહેતાજી શીખવેછે તે તો તમારા જાણવામાં હશે. એવીજ યુક્તિ બહેરાં મૂંગાંને સારૂ કરવામાં આવીછે.

બહેરાંને સૂવાનું કે રાત કહેવી હોય, ત્યારે આંખો મીચીને ડોકું હાથપર નમાવેછે, અથવા પીવાનું માગવું હોય ત્યારે ખોબો વાળીને મોઢા આગળ ધરેછે, અથવા ભૂખનું કહેવું હોય ત્યારે આંગળી વતી પેટ બતાવેછે, એ વગેરે ઘણા પ્રકારની નિશાનીઓ કરેછે. પણ એ બધાથી થોડી થોડી વાત માલૂમ પડે. જે વાત કરવી હોય તે સારીરીતે કરી શકાય તેટલા સારૂ માયાળુ અને ડાહ્યા માણસોએ ઘણા પ્રકારની ઈશારતો શોધી કાઢેલીછે. તે બધી હાથનાં આંગળાં વતીજ દેખાડવામાં આવેછે; તે વતી કક્કાના બધા અક્ષર તથા તેની જોડણી કરીને શબ્દ પણ કરી શકાયછે.

બહેરાં મૂંગાંને શીખવવાની નિશાળો વિલાયતમાં ઘણી છે. ત્યાં તેઓ વાંચતાં, લખતાં, ચીતરતાં, અને એવી ઘણી ઘણી ઉપયોગી વાતો શીખેછે.

આંધળાંઓ હરકંઈ વાત સાંભળીને કે હાથ ફેરવીને શીખેછે, અને તેમનાથી બોલાય પણ છે. પણ બહેરાં ને મૂંગાંને એમાંનું કંઈજ નથી; તેમને પોતાનો આધાર માત્ર આંખ પરજ રાખવો પડેછે. પણ કેટલાક

તો એવા કમનસીબ છે કે તે આંખે દેખી, કાને સાંભળી, કે મોઢે બોલી શકતા નથી. તેમની શી દુર્દશા! સાતમી ચોપડીના ૩૬–૩૮ સૂધીના પાઠમાં એક છોકરીની વાત લખેલીછે તે કલ્પિત નથી, પણ ખરી છે. એ છોડી આંધળી, બહેરી, ને મૂંગી હતી, પણ ડાહ્યા ને સારા માણસના આશ્રયથી તે કેવી કેળવણી પામી તે પાઠ વાંચ્યાથી સાફ જણાશે. જો એવા સારા આદમી મહેનત ન લેત તો એ બિચારી અજ્ઞાન રહેત.

પાઠ ૩૩.

બેવકૂફોની ટીપ.

કેટલાક અરબ વેપારીઓ ઇરાનના એક રાજા પાસે ગયા અને કેટલાક ખૂબસુરત ઘોડા વેચવાના હતા તે તેને બતાવ્યા. રાજાને એ ઘોડા ઘણા પસંદ પડ્યા તેથી ખરીદ કર્યા. તે વેપારીઓને કીમત કરતાં બે લાખ રુપિઆ વધારે આપીને ફરમાવ્યું કે તમારા દેશમાંથી વધારે ઘોડા લાવવા. રાજાની આ માગણી તેઓએ કબૂલ કરી, રજા લઈ, ઘેર ગયા. ત્યાર પછી એક દિવસે રાજા નિશાથી ખુશમીજાજમાં હતો તે વખતે તેણે પોતાના વજીરને કહ્યું કે "મારા નિમકહલાલ વજીર! મારા રાજ્યમાં જેટલા બેવકૂફ હોય તેની એક ટીપ કરી લાવ." વજીરે જાહેર કર્યું કે મેં એવી એક ટીપ તૈયાર કરી રાખીછે; અને તે ટીપમાં આપનું નામ પહેલું મૂકર્યુંછે. રાજાએ પૂછ્યું એમ કેમ? વજીરે જવાબ દીધો કે આપે પેલા વેપારીઓને ઘોડા ખરીદ કરવા બે લાખ રુપિઆ આપ્યાછે, પણ તેઓનો કોઈ પણ શખ્સ જામીન મોજુદ નથી, વળી તેઓ અરબસ્તાનના કિયા ભાગના રહેનાર છે તેની પણ કોઇને ખબર નથી. એ એક મોટી મૂર્ખાઇની નિશાની છે. રાજાએ કહ્યું કદાપિ એ વેપારીઓ ઘોડા લાવે તો પછી શું? વજીર કહે કે ખુદાવંદ, જો એવી બેવકૂફાઇ તેઓ કરે તો તેમનાં નામ આ ટીપમાં પહેલાં લખીશ અને પછી આપનું નામ બીજું બીરાજશે.

પાઠ ૩૯.

નઠારા જૂના ચાલ છોડવાવિષે.

આ દેશના ઘણા લોક પોતાના ઘરડા વરડા જે માનતા હતા ને કરતા હતા તેજ હજી માનેછે ને કરેછે, પણ જરાએ વિચાર કરતા નથી કે તે ખરૂં કે ખોટું છે. ઘેટાનું ટોળું ચાલતું હોયછે, ત્યારે જેમ તેઓ કરેછે, તેમજ આ વાતમાં ઘણા હિંદુઓ કરેછે. જો એક ઘેટું કૂવામાં કે વહેતી નદીમાં ભૂસકો મારે તો તેની પછવાડે બીજાં બધાં પણ ટપાટપ કૂદી પડે ને પ્રાણ ખુએ. ખરૂં ખોટું વિચારવાને ઘેટાંને શકિત નથી, પણ પરમેશ્વરે એ જાણવાને તેઓને વિચાર શકિત આપીછે. એ શકિતનો તેઓ જોઈએ તેવો ઉપયોગ કરતા નથી, ને ઘણીખરી વાર આંખ મીચીને ચાલેછે. ઘરડા વરડા કરતા તેમજ કરીશું એ કહેવું ખોટું છે. તેઓ ગરીબ હતા માટે આપણને કોઈ પૈસા આપતું હોય તો ન લેવા? તેઓ મૂર્ખ હતા માટે આપણે ભણવું નહિ? ફાંશિયા લોક એમ કહેછે કે. અમારા બાપ દાદા એજ કામ કરતા હતા, માટે અમે કરીએ છીએ. એ કારણ માટે સરકાર તેમને માફ કરશે? એક દેશમાં જૂના ચાલને વળગી રહેવું લોકને બહુ ગમતું, ત્યાં દાતરડાનો અસલથી જેવો આકાર થતો હતો તેથી કોઇએ જુદી તરેહનો કર્યો માટે તેને ફાંસી દીધો. કેવી ગાંડાઈ! તેમજ આ દેશમાં એજ કારણથી શીતળા કઢાવવાને ના કહેછે ને છોકરાં સંતાડેછે. સતી થવાનો તથા બાળહત્યા કરવાનો ચાલ બંધ કર્યો તેથી કેટલાએક લોક દિલગીર છે. પહેલાં લોક છાપેલી ચોપડી વાંચતા નહિ ને તેનું કારણ એ બતાવતા કે એ નવો ચાલ છે. ખેડુતના છોકરાને ભણાવવાનું કહીએ છીએ ત્યારે તે લોક કહેછે કે એમ કરવાનો અમારો ચાલ નથી. જો વિલાયતના લોકો એમ જૂના ચાલને વળગી રહ્યા હોત તો આગબોટ, આગગાડી, ને નવા નવા સંચા કેમ થાત? તેમજ જ્યાંસુધી આપણા દશના લોક એ મતને વળગી રહેશે ત્યાંસુધી આ દેશમાં દોલત તથા સુખ વધશે નહિ.

પાઠ ૩૫.

સ્વચ્છતા.

જે નળીઓમાંથી પરસેવો નીકળેછે તેનાં મોં એટલે છિદ્રો એટલાં ઝીણાં છે કે નરી આંખે તો દેખાયજ નહિ. એ નાનાં છિદ્રોને જરા મેલ લાગે એટલે બંધ થઇને પૂરાઈ જાયછે. જરા ચીકટવાળો પદાર્થ લાગે તો તેથી પણ પૂરાઈ જાયછે. વળી પરસેવો છિદ્રોમાંથી નીકળેછે તે સૂકાઈ જાયછે, પણ જેમ દૂધ ઊકાળીએ ત્યારે પાણી જેવો પદાર્થ બાફ થઇને ઊડી જાયછે, ને માવો માવો રહેછે, તેમ પરસેવામાંથી પાણી જેવો પદાર્થ ઊડી જાયછે, અને ઘાડો પદાર્થ છિદ્ર ઉપર રહેછે, ને તેની સાથે શરીરમાંથી નીકળેલો ચીકણો પદાર્થ મળી જાયછે, તેથી ચામડીપર ચીકણો મેલ ચોંટી રહેછે.

પરસેવાનો મેલ થાયછે તે શરીર ઉપર બંડી કે જે વસ્ત્ર ઘણા દહાડા પહેરી રાખ્યું હોય તેપર ચોંટેલો આપણા જોવામાં આવેછે. એ મેલ સઘળો વસ્ત્ર ઉપર ચોંટી જતો નથી; ઘણોએક ચામડીપર પણ રહેછે. તે પાછો ચામડીમાં પેશી જાયછે, ને લોહી સાથે મળી જઇ શરીરમાં રોગ ઉત્પન્ન કરેછે. વાસ્તે જે વસ્ત્ર ચામડી ઉપર પહેરવામાં આવેછે તે સ્વચ્છ અને ધોએલાં રાખવાં જોઈએ; અને રાતનાં ને દિવસનાં ઓઢવાનાં ને પહેરવાનાં લૂગડાં જુદાં જુદાં રાખવાં, અને દિવસનાં પહેરેલાં લૂગડાં રાતે કામમાં લેવાં નહિ, પણ વળગણીપર સૂકાતાં ટાંગી રાખવાં કે તેને લાગેલો પરસેવો સૂકાઈ જાય.

વખતે વખતે લૂગડાં બદલ્યાથી શરીરપરનો સઘળો મેલ જતો રહેતો નથી; પણ થોડો ઘણો છિદ્રમાં ભરાઈ રહેછે, માટે તે સાફ રાખવાં જોઈએ. એ કારણ સર રોજ ખૂબ ચોળીને નહાવું જોઈએ. બે ચાર લોટા પાણી શરીરપર રેડીને શરીર પલાળવું એ કાંઈ નહાવું ન કહેવાય. જો રોજ રોજ નહવાય નહિ તો ચામડી કઠણ થાય, અને માંહેથી પરસેવો નીકળી શકે નહિ, ને મેલ માંહે ને માંહે રહે, તેથી શરીરને ગરમી થાય, અને લોહી બગડે. જ્યારે પરસેવો વગેરે મેલ કાઢી નાખનારાં છિદ્ર પૂરાઈ જાય, અને પરસેવો અટકી રહે, ત્યારે એ છિદ્રો સાથે સંબંધ રાખનારી નસોમાં

ઘણો મેલ ભરાય, અને જેમ નળમાં કચરો ભરાયાથી પાણી બરાબર વહી જતું નથી, તેમ તે નસોમાંથી લોહીનું ફરવું બરાબર થતું નથી. એ માટે મેલ કાપે તેવી જણસે ચોળીને રોજ નહાવું જોઇએ. સાબુ મેલ કાપેછે, માટે તે ચોળીને નહવાય તો તેથી ચામડી સ્વચ્છ રહે.

પાઠ ૩૬.

રાજા અને તેનો શાણો વજીર.

કોઈ એક રાજા પાસે એક શાણો વજીર હતો. તે પોતાની નોકરી છોડી ઈશ્વરભજન કરવા લાગ્યો. રાજાએ પોતાના અમીરોને એક દિવસે પૂછ્યું કે મારા વજીરનું શું થયું? તેઓએ જવાબ આપ્યો કે તે તો પોતાની ઊંચી પદ્વિ તજી દઇને ઈશ્વર પ્રાર્થના કરવામાં મશગુલ રહેછે. પછી રાજા વજીર પાસે ગયો અને તેને પૂછ્યું કે "અરે વજીર, મેં તારી શી તકસીર કરીછે કે તેં મારી નોકરી છોડી દીધી?" વજીરે જવાબ આપ્યો કે મહારાજ, પાંચ કારણ સર મેં આ કામ કર્યુંછે. પહેલું એ કે આપ બેસતા હતા અને હું આપની હજૂરમાં ઊભો રહેતો. પણ હવે હું ખુદાની સેવા કરૂંછું અને તેણે મને ફરમાવ્યુંછે કે પ્રાર્થનાની વખતે તારે બેસવું. બીજું એ કે આપ જે વખતે ખાણું ખાતા તે વખતે હું જોયાં કરતો. હવે મને એવો ધણી મળ્યોછે કે જે પોતે ખાતો નથી, પણ મારૂં ગુજરાન કરેછે. ત્રીજું એ કે તમે જ્યારે સૂતા ત્યારે હું આપનો પહેરો ભરતો. હવે મારો ધણી એવો છે કે જે પોતે સૂતોજ નથી પણ જ્યારે હું સૂઉંછું ત્યારે મારૂં રક્ષણ કરેછે. ચોથું એ કે હું હમેશાં બીહીતો હતો કે જો આપનું મરણ થાય તો દુશ્મનોથી મને ઘણું દુઃખ સહન કરવું પડે. હવે હું જે ખુદાની ચાકરી કરૂંછું તે અમર છે; અને મારા દુશ્મનો મને કાંઈ પણ ઈજા કરી શકે એમ નથી. પાંચમું એ કે આપની નોકરીમાં હતો ત્યારે હું બીહીતો હતો કે જો મેં કોઈ પણ ગુન્હો કર્યો હોત તો આપ મને માફી બક્ષત નહિ. પણ હવે જે ધણીની હું નોકરી કરૂંછું તે એવો દયાળુ છે કે દર રોજ સેંકડો ગુનાહ કરૂં તોપણ તે મને માફી આપેછે.

પાઠ ૩૭.

રાજા અને તેનો કમાન.

પ્રુશિઆના મહાન ફ્રેડરિક પાદશાહે સાંભળ્યું કે મારી એક પલટણમાં એક ઘણો ખૂબસુરત અને શૂરવીર કમાન છે. તે ઘડીઆળની સાંકળીએ ઘડીઆળને બદલે બંદૂકની ગોળી ગજવામાં રાખેછે. રાજાને તે જોતે જોવાનું મન થયું. એવામાં એક દહાડે તે મળ્યો ત્યારે આ પ્રમાણે રાજાએ તેને કહ્યું. "મેં સાંભળ્યુંછે કે તમે શૂરા છો અને કરકસરીઆ પણ હશોજ; કેમકે તમારા પગારમાંથી ઘડીઆળ ખરીદ કરવાના પૈસા બચાવ્યાછે." સિપાઈએ કહ્યું "મહારાજ, હું શૂરો છું એવું આપ ધારોછો એ ઘણી ખુશી-ની વાત છે, પણ મારી ઘડીઆળ કાંઈ કામની નથી." રાજાએ સોનાનું હીરા જડીત ઘડીઆળ ગજવામાંથી કાઢીને કહ્યું "મારી ઘડીઆળમાં પાંચ વાગ્યાછે, જુઓને તમારી ઘડીઆળમાં કેટલા વાગ્યાછે?" કમાને ધ્રુજતે હાથે ગજવામાંથી ગોળી કાઢી કહ્યું, "મારા ઘડીઆળમાં તો પાંચ કે છ કાંઈ જણાતા નથી, પણ આપની નોકરીમાં મારૂં જે રીતે મોત થશે તેજ માત્ર જણાયછે." વારૂ ત્યારે મારી નોકરી કરતાં બાર કલાક-માંના કિયે કલાકે મરી જશો તે જાણવાને હું મારી ઘડીઆળ તમને આપુછું. એમ કહી પોતાનું સોનાનું હીરા જડીત ઘડીઆળ તે યોદ્ધાને બક્ષિસ આપ્યું.

પાઠ ૩૮.

પરસેવો.

ચામડીના ઉપલા પડને હમેશાં વા, તાપ, વગેરે લાગે તેથી તે સૂકાઈને લાકડા જેવી કઠણ થઈને બહેર મારી જાય, અને તેથી કરીને નીચલા પડને સ્પર્શ લાગે નહિ. એમ ન થવા દેવા માટે જગતકર્તાએ ઘણી સારી યુક્તિ કરીછે, તેથી એ પડ હમેશા પોચું રહેછે. સૌથી નીચલા પડમાં માંસની નાની નાની ગોળીઓ છે, તે લોહીમાંથી એક ચીકટવાળો પદાર્થ ખેંચેછે, અને ત્રણે પડોમાં નાની નાની નળીઓ બહાર નીકળેલીછે, તેમાંથી એ પદાર્થને ઉપલા પડ ઉપર કાઢેછે. જે ઠેકાણેથી એ નળીઓ બહાર નીકળેછે તેમાંથીજ વાળ ઉગેલાછે. એ માંસની ગોળી-

એ સઘળે ઠેકાણે સરખી નથી; જે ઠેકાણે તેમની કાંઈ જરૂર નથી ત્યાં મુદ્દલે નથી, જ્યાં થોડી જોઈએ ત્યાં થોડી છે, અને ઘણી જોઈએ ત્યાં ઘણી છે. આપણા વાળમાં ચીકટવાળો પદાર્થ આવેછે, કાનમાં મેલ થાયછે, અને આંખનાં પોપચાંમાં પાણી આવેછે તેથી ઊંઘમાં વળગી જતાં નથી, એ સઘળું એ ગોળીમાંથીજ નીકળેછે. ચામડીના ઉપલા પડમાં ઘણાં છિદ્ર છે તેમાંથી પરસેવો નીકળેછે. એ છિદ્રમાંથી એક એક નળી નીચે ઉતરેલી હોયછે, તે નીચલા પડ સુધી તેવીજ હોયછે, પણ નીચલે છેડે વાંકી વળીને ગાંઠ જેવી થઈ ગએલીછે. એ ગાંઠવાળો ભાગ ચરબીમાં છે, અને તે ઉપર નસો પથરાઈ ગએલીછે. એ નસોમાં લોહી વહેછે, ત્યારે જે પ્રમાણે સુતર પાણીમાં મૂક્યું હોય ને પાણીએ તે પલળેછે, તે પ્રમાણે સાઘુંજ પાતળું લોહી પેલી નળીમાં જાયછે, અને તેનો બાફ થઈને ઉપરનાં છિદ્ર-માંથી નીકળી જાયછે, તેને પરસેવો કહેછે. એ પરસેવો ઘણો ખરો ચામડી ઉપર દેખાતો નથી. પણ કોઈ કોઈ વખત એટલો બધો અને એટલો જલદી માંહેથી નીકળેછે કે છિદ્ર ઉપર તેનાં ટીપાં ટીપાં દેખાયછે, અને કોઈ વખત તો રેલા ઉતરેછે. એક જાતનો કઠણ પદાર્થ થાયછે, જેને શરીરમાં ખપ નથી, તે એ પરસેવામાં બહાર નીકળી જાયછે.

એક મુંબઈગરો રૂપિઓ રહે એટલી જગામાં આશરે બે હજાર એવા છિદ્રછે. એ છિદ્ર નીચે નળીનું ગૂછળું હોયછે તે લાંબુ કરીએ તો પોણો તસુ થાય. એક માણસના શરીર ઉપર એવાં ૧૦ લાખ છિદ્ર છે, અને નળીઓ એકઠી કરીને ભરી હોય તો ૨૮ મૈલ થાય. એપરથી એવું જણાયછે કે માણસના શરીરમાંથી દહાડા ને રાત મળીને પાંચ શેર પાણી નીકળી જતું હશે, પણ તે તરત ઊડી જાયછે તેથી દેખાતું નથી.

પાઠ ૩૯.

છોકરાં તરફ માનો પ્રેમ.

દેવગઢ ઉપર ચઢાઈ કરવા સારૂ અલ્લાઉદ્દીન મલેક કાફુરને મોકલવાનો છે એ વાત જ્યારે કોળા દેવીએ સાંભળી, અને દેવગઢ તથા રામદેવનાં નામ તેને કાને પડ્યાં, ત્યારે તેનું આગલું સઘળું દુઃખ યાદ આવ્યું, અને

તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તેનો આગલો ધણી કરણ બાગલાણમાં છે એવી તેને ખબર હતી; તેની મોટી છોકરી કનકદેવી મરી ગઇ તે તે જાણતી હતી; અને તેની નાની છોકરી દેવળદેવી તેના બાપની પાસે છે એમ તેને માલૂમ હતું. પાદશાહની પાસે રહેવામાં તેને ઘણી એક તરેહનું સુખ હતું, તોપણ તેને વખતે ઘણું એકાંતપણું લાગતું, અને ઘણીએક વાર તે ઉદાસ રહેતી. બઈરાંને છોકરાં પાસે રાખવાં ઘણા ગમેછે, તે પ્રમાણે કૌળાદેવીને પોતાની મોટી થયેલી તેર વરસની છોકરીને બોલાવવાનું ઘણું મન હતું. માની છોકરાં ઉપર ઘણી પ્રીતિ હોયછે તેની સાથે તેઓ એવું સમજેછે કે છોકરાં ઉપર માના જેટલું બાપને હેત હોતું નથી, અને તેઓના ઉપર બાપના કરતાં માનો વધારે હક્ક હોયછે. દેવળદેવીને વાસ્તે તેને જે પ્યાર હતો તેથી તે એવી તો આંધળી થઈ ગઈ કે તેને બોલાવવાથી તેના ભર્તાર કરણને જે દુઃખ થશે, તથા તેને છોકરીના જવાથી, નિરાધાર થઈ જવાથી, અને ઘણી મુદ્દતની બાપ અને છોકરીની વચ્ચે મજબૂત બંધાએલી પ્રીતિ તૂટવાથી જે સંતાપ થશે તે તે આ વખતે ભૂલી ગઈ. તેણે અલ્લાઉદ્દીનને વિનંતિ કીધી કે જ્યારે કાફુર દેવગઢ સુધી જાયછે ત્યારે બાગલાણમાં મારી તેર વરસની એક દેવળદેવી નામે છોકરી છે તેને લઈ આવવાને કાફુરને હૂકમ આપવો જોઇએ. અલ્લાઉદ્દીનને આ અરજ ઘણી યોગ્ય જણાઈ નહિ, તોપણ પોતાની વહાલી રાણીને ખુશ કરવાને તેણે કાફુરને દેવળદેવીને લાવવાને હૂકમ કીધો. કાફુરે એ હૂકમ માથે ચઢાવ્યો અને તેને ન લાવું તો મારૂં માથું આપવું એવું વચન આપ્યું.

પાઠ ૪૦.

નદી જોવાથી મનમાં ઉત્પન્ન થતા વિચાર.

નદીને જોવાથી માણસનો સંસાર યાદ આવેછે. જેમ નદી પહાડમાંથી નીકળતી વખતે નાની હોયછે તથા બહાર પડ્યા પછી થોડેકસુધી તે ફૂલોમાં તથા કાંકરામાં રમતી રમતી જાયછે, તેમ માણસ બાલ્યાવસ્થામાં કરેછે. નદી આગળ ચાલ્યા પછી તેમાં બીજી નદીઓ આવીને મળેછે,

તેમ માણસો મોટા થયા પછી ઘણા જોડે સંબંધ બાંધેછે. નદી વધારે આગળ ચાલ્યા પછી એટલી મોટી થાયછે કે તે ઘણાએક માણસોને ઘણી અગત્યની થઇ પડેછે, તથા તે ઉપર વહાણો ફરી વ્યાપાર ચાલેછે, તથા માણસના સુખને તથા શોખને વાસ્તે જે વસ્તુઓ જોઇએ તે સઘળી પૂરી પાડેછે, તેમ માણસ ભરજુવાનીમાં બીજાઓને ખપ લાગેછે, તથા ભારે ભારે કામો માથે લેછે. અને નદી જેમ છેલ્લીવારે અમર્યાદ સમુદ્રને મળી જાયછે, તેમ માણસ પણ અંતે લોપ થઇ તેનું અંતવાન આયુષ્ય અનંતકાળ સાથે મળી જાયછે. માટે નદીઓ જોયાથી માણસની જિંદગી ઉપર તેના વિચાર દોડેછે, તથા પરમેશ્વરના એક મોટા કામ આગળ શૂન્ય જેવો તે થઇ જાયછે.

પાઠ ૪૧.

શ્રાવણ માસનું વર્ણન.

શ્રાવણ મહીનો આવ્યો. જગાએ જગાએ નાના છોડવા વરસાદના પડવાથી ઊગી નીકળ્યા. જમીન ઉપર ઘાસની ખૂબસુરત શેતરંજી પથરાઈ ગઈ. વાડીઓમાં શાક તરકારીના વેલાઓ રોપવામાં આવ્યા. ફૂલો પણ સારાં સારાં ખુશબોદાર ઊગ્યાં. ખેતરો ચાસ પડેલાં તથા કેટલાં-એકમાં અનાજના નાના છોડ ઊગેલા દેખાતા હતા. ખેડુત લોકો પણ કામમાં ફરતા હતા: તથા તેઓના બળદ લીલો ચારો ચરી તાજા થયેલા સાંજરે ઘણુણ ઘણુણ અવાજ કરતા પાછા આવતા હતા. ભેંસો ઘણી મગ્ન દેખાતી હતી, અને કાદવ તથા પાણીનાં ખાબોચીઆંમાં આખો દહાડો આળોટ્યાં કરતી હતી. નદીનાળાંઓ ભરપૂર થઈ ગયાં હતાં, અને રસ્તાઓ કીચડથી એવા ચીકણા થઈ ગયા હતા કે ગાડાં જઈ શકતાં ન હોતાં. મુસાફરો ઘોડે અથવા બળદ ઉપર બેશીને જતા હતા. શહેરમાં રસ્તાઓ પણ કાદવ તથા પાણીથી તેવાજ ગંદા તથા દુર્ગંધવાળા થઈ ગયા હતા; અને લોકો તેમાંથી વગર જોડે ધાબળી અથવા કામળાના ઘૂમટા ઓઢીને ફરતા હતા. વરસાદનું જોર નરમ પડી ગયું હતું. આ મહીનામાં વખતે વખતે વાદળાં થઈ આવતાં, પણ વરસાદ ઝરમર ઝરમરજ આવતો.

NOTES.

પાઠ ૧.

A Teacher and his Pupils.—Part I.

A Dialogue.

છોકરાઓ = Well, my boys. રજા પડવાના દિવસ પાસે આવેછે = the holidays (vacation) are coming near. કિયે કિયે દિવસે કિયા કિયા વિષય = what subjects—each day, &c. મોઢે પરીક્ષા લેશો કે લખાવશો ? Make one sentence out of that, using "oral or written." ગયે વરસે જેમ કર્યું તેમ = as was done last year. Parse "as" and "here." તારે કેમ છે? = what about you ? યાત્રાએ = on a pilgrimage. તેટલા પાઠ કાચા છે = but some lessons are badly learnt, or I am weak in some lessons. વર્ગમાં ચઢીશ નહિ Use "promotion." ઘણીજ મહેનત કરવી = to work hard. એ તો ખોટું Use, "it is," to introduce the sentence. પાણી પી આવું What will you use "may, shall, or can," and why? વખતો વખત = from time to time. લખી લીધીછે, Use "to put in," "insert," "to put or write down." લખ્યું ન લખ્યું સૌ સરખુંજ = it is all the same whether, &c., or it is immaterial, &c.

પાઠ ૨.

A Teacher and his Pupils.—Part II.

A Dialogue.

આ રહ્યા = here they are. બરાબર પ્રમાણ Use "scarcely any proportion." હદ વાંકી ચૂંકી &c., = the outlines are in-

accurate. ખરા = I am sure; I dare say. શાહી પૂરી &c. Use "filled with ink." હજી સારો થયો નથી? = is he no better yet? કંટાળો છે. Use "cannot bear," &c. પોતાના શરીરને નુકસાન થાયછે = they suffer in health; or their health is impaired. પાસે થઈ. Use "past his house." હાથોહાથ = personally; in person. આપવી હતી Use "ought to have" with the passive. પણ = even. ચીથરાં જેવા = wretched. વાતજ ન કરવી = there is no end of &c., better, "not to speak of." પાયા હાલેછે = the legs are shaky. લખતાં અડચણ પડશે = we cannot write conveniently. બરાબર કરવું = to make it steady, or to steady it. પારખું = test. વાંચી જવું = to read over; "to look over."

પાઠ ૩.

AN IDLE BOY.—PART I.

નિશાળે મુકવામાં આવ્યો = sent to school. કંટાળા ભરેલું લાગવું Use "disliked," "hated." રજા આપી = he was dismissed from the school. બહુ સંતાપ &c. = greatly distressed in mind. હું જીવીશ &c. Use indirect construction. ઘર ચલાવવું = to maintain oneself and family. એનું શું થશે? Use indirect construction to avoid the question, and say, "but knew not," &c. કામને અર્થે = on business or on some business. ઉતારો કર્યો = put up at, or stayed with. તેની આગળ દુ:ખ રડયો = idiom: he bewailed his misfortunes. કહ્યું કે. Say, "proposed," use indirect construction from મારો છોકરો to ઠેકાણે લાવી મૂક્યોછે. ઠેકાણે લાવી મૂક્યોછે = brought him to his senses.

પાઠ ૪.

AN IDLE BOY.—PART II.

વાતચીત થઈ=the conversation took place. શુદ= bright half of the month of, &c. What is વદ then? વય •જોતાં=too big for your age. અડચણ જેવું = then there is nothing the matter with, &c. જેટલાં &c. Use "as many as." ચાકરી કરે &c. = corresponding proverb " no gains without pains." અચકાતો &c.—" with difficulty " will do. ટગર ટગર જોવું = to gaze at with amazement.

પાઠ ૫.

AN IDLE BOY.—PART III.

હિસાબ ગણવા = to work sums. લે = idiom: there you are, or now then ; or that is right. બીજું = else. આઠે વાર =week days. સગાં વહાલાં=relations and friends. નામ લઈ જાઉં=can recount; can enumerate. કહો તો સાહેબ= if you like, sir. એવો છોકરો છે = you are a boy, who &c. ધોરણ બહાર &c. = in the Below-Standard class. પાઠ આપવામાં &c. Use "prescribe." કે આતો માગથી &c. Use indirect construction. હરખાતો હરખાતો = very much pleased; stronger forms, " transported," or " overwhelmed with joy." પોતાના મનમાં બોલવા લાગ્યા= thought within himself. કે હું Use indirect construction all throughout. છેક = totally. હું કાંઈ કમ નથી = idiom: I am not so bad as all that; or, " I am not so bad after all."

પાઠ ૬.

ઝીણા પોરા. ANIMALCULES.

ખુલ્લી આંખ = the naked eye. જોઈ શકાયછે. Use the

passive voice. બાબોચીઆમાં &c. = a pool of stagnant water. કરોડો = idiom: millions of. જોનાર = observer. માણસની સંખ્યા = the population of the world. નહિ સમજવું. Use "one—." આમળા હોયછે. Use "twisted." થઈ શકેછે. Use here "assume." કોઈ = one. કહેશે. Use "ask." કોહતી વનસ્પતિ = decaying vegetable and animal matter. શરીરને નુકસાન કરે = injurious to health. ભક્ષ કરવો = to feed upon.

પાઠ ૭.

બિલાડી ને બગલું.

ટોળ કરીએ. Use infinitive mood. ચાંચ લાંબી તેથી = as his bill was long. અથવા on account of his long bill. પૂછતી જાય See Howard's Grammar, Part I., 424. બગલું સમજી ગયું કે આ મારી મશ્કરી કરેછે = the crane perceived he was made fun of. જાણે પોતાને......એમ દેખડાવ્યું like જાણે પોતાને ભણવાની મજા પડી હોય એવું દેખડાવ્યું = he pretended to look as if he liked going to school. કે કાલે, &c. Use indirect construction. નોતરું માન્યા વગર ચાલ્યું નહિ = could not help accepting the invitation. પેસે. Use the past tense. ખાતું જાય. Use the past tense. સ્વાદે જમોછો = you are eating with great relish, or, you relish it, or, you enjoy your dinner. કાલે તમારે ત્યાં...........તેવી આજ તમને પડી હશે = you have had the same kind of enjoyment that, &c. મોં નીચું ઘાલ્યું = looked down on the ground.

પાઠ ૮.

તપાસ કરવાની ટેવ.—ભાગ ૧.

વાપરતાં થોડાનેજ આવડેછે like મને લખતાં આવડેછે = "I can write," or "I know how to write." જુદી જુદી અસર = different impressions. જોવામાં ફેર છે = there are different ways of seeing. એ વિષે &c. Render it idiomatically thus: In illustration of this fact. તેનો આગલો એક દાંત પડી ગયોછે? like તેનો આગલો એક દાંત પડી ગયોછે = he wants a front tooth. લાદ્યુંછે = he was laden with અથવા he was carrying. ધારી ધારીને &c. = examined him minutely. હીંડો = come along. શેઠ, Sir, તમે હાલ જે વાત કહી તે સિવાય બીજા કોઇને મોઢે એવી એની વાત સાંભળી પણ નથી. I have heard nothing about it from any one but what you have just told me yourself. એ બધું ડહાપણ તો જાણ્યું as this is ironical, it may be translated: "A truce to your wisdom." પકડાવી. See Part II., 125. એનો ઝાડો જોયો = they searched his person. એણે ચોર્યું કે એ જૂઠું બોલ્યો એનો પુરાવો મળ્યો નહિ like આ છોકરાએ ચોપડી ફાડી તેના કોઈ સાક્ષી મળ્યા નહિ = no proof was found that the boy had torn the book.

પાઠ ૯.

તપાસ કરવાની ટેવ.—ભાગ ૨.

એવામાં = just as they were about, &c., or they were just going to punish him when &c. રમુજ પડી. See Part II., 69. રહુંછું = રહેલોછું. See also Part II., 91. તપાસી જોવાનું મને ઘણું મળેછે, like કામ કરવાનું મને ઘણું મળેછે = I get

plenty of work to do. ચાલતાં = while passing. આછું પડેલું હતું = was less deep, was fainter. રહી ગયો હતો. See Part II., 101. કીડીઓ ચડી હતી = ants had collected to carry it away. વેરાય. See Part II., 69. શાબાશી આપી = (idiomatically) congratulated him on his intelligence. ઉપરથી. સમજવું = to draw an inference, to infer. ટેવ રાખવી અને તપાસ કરવી. See Part II., 133. (દીઠાં) હશે must have. આપ See Howard's Grammar, Part I., 397. સૌએ ટેવ પાડવી = all ought to acquire that habit.

પાઠ ૧૦.

ઝાડની શી શી જણસો આપણા ખાધામાં આવેછે.—ભાગ ૧.

ઝાડની શી શી જણસો ખાધામાં આવેછે = vegetable productions used for food. ભોંયમાં થાયછે = grow under the surface of the ground. બાફીને કે તળીને ખાધા હોય તો = ખાધા પહેલાં બફાય કે તળાય તો. બહુ સ્વાદ લાગેછે. Use delicious taste; savoury. ડાંગર, બાજરી, ઘઉં, એના તો દાણાજ ખવાય = it is only the grain (અથવા seed) of—that is, &c. તોપણ ચડે નહિ = cannot become tender; fit for food.

પાઠ ૧૧.

ઝાડની શી શી જણસો આપણા ખાધામાં આવેછે.—ભાગ ૨.

લીલીને લીલી = green and fresh. શાક કરવું = રાંધવું to cook. એમની એમ = just as they are. અથવા, pods and all = છોતરાં સુદ્ધાં. કુમળી હોય = when they are, અથવા while they are &c. એ પણ ફળ સમજવાં = એ પણ ફળ ગણાયછે.

પાઠ ૧૨.

BOOKS IN CHINA.

તરફથી = from. પ્રજા = subjects. Remember પ્રજા is a collective noun and "subjects," a common noun. નીતિમાં બગાડ થાય = should the morals be corrupted. છાપખાનાંની છૂટ = liberty of the Press. ઠરાવવું what is the difference between "to decide" and "to resolve?" વિદ્યા, હુન્નર = "arts and sciences." પાઠશાળા = "A university." Why "a" and not "an"? Give examples. પુસ્તકશાળા હોયછે. More idiomatic, "attached to."

પાઠ ૧૩.

THE ATMOSPHERE.

ચાળીશ કે = some forty or. What is the difference between swimming and floating? વજનદાર છે = has weight. What does "weighty" mean? પાતળી &c. = rarer. પાણીનું પણ એમજ છે = the same is the case with water. પદાર્થો=perhaps more scientifically, મુળતત્વો = elements. હવા &c. બહાર નીકળેછે = a gas is exhaled. પાછો શ્વાસ લે તો = if re-inspired. ઊલટું કરેછે = acts in the opposite way.

પાઠ ૧૪.

લાવરી અને તેના બચ્ચાં.—ભાગ ૧.

તો કેમ થશે = what shall I do if, અથવા what will be the consequence if the farmer come to, &c. જાય. Use the past tense. કહેતી જાય=would tell, અથવા would charge.

See Howard's Grammar, Part I., 424. કહે. Use the past tense. લણવું જોઇએ. Use the passive voice. જઇને......... કહી આવજે like ત્યાં મજૂર નવરો બેઠોછે તેને કહી આવ કે કામ કરે go and tell that labourer, sitting idle there, to do his work. કહ્યું=told. બોલ્યાં=asked her to. ખેતરના...લણવાનો ભરોસો......રાખ્યોછે like આ છોકરાએ અભ્યાસપાઠ લખવાનો ભરોસો પોતાના મોટા ભાઈ ઉપર રાખ્યોછે = this boy trusted to his elder brother to write his exercise for him. અથવા this boy depended on his elder brother writing his exercise. સાંભળવા ટાંપીને રહ્યાં = they were anxiously waiting to hear. તેની વાટ જોઈ રહ્યો=waited to see if they would come. કહે. Use the past tense. કહી આવ.........મદદ આવે, see above. એવું છે તો તમે બીશો મા=if this is the case, you need not fear.

પાઠ ૧૫.

લાવરી અને તેનાં બચ્ચાં.—ભાગ ૨.

ધારણા દીધી=pacified their fears; inspired confidence in them. વાટ જોઇને બેશી રહ્યો = sat waiting for. પણ તે કોઈ આવ્યું નહિ = but not one of them came. પછી તે છોકરાને કહે કે &c.=then addressing the boy Bhima he said that, &c.—use indirect construction. આપણે હાથેજ = આપણ પોતેજ. કોઈ માણસ...............પાર પાડે=when any one undertakes his own work himself, he generally does it well. આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય=a man must die before he can go to heaven. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ=there is no water like that which falls from the clouds, and there is no strength like one's own; *i. e.* if you want a thing well done, do it yourself.

પાઠ ૧૬.

ચંદ્ર.

ચંદ્રની વધ ઘટ તો &c. = I dare say you all must have noticed the waxing and the waning of the moon. ફરત See Howard I., 172. રોજ નાનો થતો જાયછે, like આ છોકરો વરસો વરસ મોટો થતો જાયછે = this boy becomes bigger and bigger every year. તો See Howard II., 97. તાંતણાથી થોડોક જાડો See Howard I., 172. ચંદ્રમાં પોતાનું તેજ નથી = has no light of its own. સૂરજ ભણી આડું ધરી રાખ્યું હોયતો = if held opposite the sun. ભરી રાખેલો નથી, like આ થેલીમાં રુપિઆ ભરેલાછે = this bag contains rupees. આપણી ભણી વળેછે, Use "to reflect" in the passive voice.

પાઠ ૧૭.

કરજ.

ચાલ ઘણો છે = A custom prevails. એકનું કરજ કરવું = એક પાસેથી પૈસા ઉધાર લેવા. ધણી = જણ. તાકીદ કરવી = to press for payment. કાઢીનેતેને ભરે See Part II., 161 (2). કેટલાક તો = there are some who. ખરાબ થવું = to ruin oneself. સારે માઠે અવસરે = occasions of joy or sorrow; or, on the occasion of the marriage of a child or the death of a relative. જીવતા લગી = as long as they live; till their dying day. કરજની જાળમાંથી છૂટા થવું = say, to extricate one's self from one's debts. પોતામાં છે = have. જાણવા Use the plural. આબરૂ રાખવાના બાનાથી કરજ કરેછે = pretending to uphold the honour (or dignity, or prestige) of their family (or house). ખરૂં જોઇએ તો = in reality. પાછું આપવું = to pay back, to return. પાછું આપવા ન મળે Use 'to have no means of.' એ 'અપ્રમાણિકપણું ને મોટો ગુન્હો = it

is dishonest and very sinful. Reverse the order of the sentence. પરમેશ્વર આગળ = before God. માથે બેસવું = to be guilty of. રાખી Use the present participle. તેથી = hence. ના પાડેછે See Part II., 180. દેવાદાર જાણતો હોય તોપણ = if the borrower notwithstanding that he knows he. વિશ્વાસ આપી = after a promise of repayment. હરામનું લેવાનો ગુન્હો = to be guilty of robbery. કહેવાય નહિ = he would not be said to &c. Mark this idiom. જૂઠું બહુ Use the plural. નાણું આપવાને વાયદો કરેછે = he promises to pay for it on a certain date. પળાતો નથી = તે પાળતો નથી. વાયદો પૂરો થયો = વાયદાનો વખત પૂરો થયો or પૈસા આપવાનો નીમેલો વખત આવ્યોછે. બીજો કરેછે = to appoint another day for payment. અંતકાળ સુધી = to the end. તેમનું કામ ચાલે નહિ like એનું કામ સારૂં ચાલેછે = this man gets on well. બીજાં પાપ કરવાં પડેછે = બીજાં પાપસાથે આવેછે. જેમ દેવું ન થાય તેમ કરવું like જેમ ટંટો ન થાય તેમ કરવું = try your best to avoid quarrelling.

પાઠ ૨૮.

A Crown Prince.

સમજુ હોવા છતાં = sensible, notwithstanding. તામસી પ્રકૃતિ = hot temper. સ્વછંદી લોકોની સંગતમાંજ રહેતો = "fond of," or better, "attached to," profligate. સજા ફરમાવી = condemned. ઘણી વગ ચલાવી Use "interest." હાથ ઉઠાવેલો = to strike. જો do not use "if." બંદીખાને મોકલવું = to commit to prison. હુકમ માથે ચઢાવ્યો = submitted to the order. રાય અને રંક idiomatic for "the rich and the poor." ભાગ્યશાળી = "happy," "fortunate." કાંઈ થોડી વખાણવા લાયક નહિ = cannot be too much admired. Explain this idiom.

પાઠ ૧૯.

THE BRITISH CONSTITUTION.

રાજા, અમીર, રૈયત = the Sovereign, the Lords, and the Commons. અમલમાં લાવવું = to execute. કાયદા બાંધવા = to enact laws. ધર્માધ્યક્ષ = a bishop. બેસવા દે છે Use the passive form. સભાસદ મોકલવો = to return a member to Parliament. વકીલ = a representative. કેટલીક શરતો = certain restrictions. કેટલેક દરજ્જે = to a certain extent; more or less. અટકાવવું = to limit. રાજનીતિનો નિયમ = a political maxim.

પાઠ ૨૦.

THREE THIEVES.

વેચાતો લઈ Say વેચાતો લીધો અને; ખભાપર મુકી with the goat on his shoulders. તેવામાં = when. ઉભા Use stood waiting for him. ખુશીમાં તો છો = I hope you are doing well. What is the meaning of "to do" here? અપવિત્ર જાનવર=unclean animal. છે માટે Use "as" to introduce the sentence. તેને અડકવાથી = touching him. એવું માને છે = according to their belief. એવું ધારીને = that was the reason why the thief &c. આ કુતરો નથી Use indirect construction. તેણે કહ્યું = who said. પાપનું કામ છે = it is sinful. મનમાં ગૂંચવાવું = to be perplexed in one's mind. ખાત્રી થઈ = convinced himself that. આગળ ચાલતાં થોડે દૂર = he did not proceed far before........કોઈને સવાલ કરવો = to put a question to a man. એથી બીને પોતાના ભોળપણામાં = out of fear and superstition. માની Say માન્યું અને પોતે અભડાયો ધારી = knowing himself to be polluted. મૂર્ખાઈ અને નબળા મન ઉપર = at his folly and weak-mindedness.

પાઠ ૨૧.

છોકરીઓને ભણાવવા વિષે.

ભણાવવા in English, nouns are preferable to verbs in such cases. સ્ત્રીઓને કેળવણી આપવાની; put સ્ત્રીઓને in the nominative and use the passive form of 'to educate.' Reverse the order of the sentence. ઘટેછે = to be obligatory on. ધર્મ પાળવો = to discharge one's duty. અહીં તહીં આથડતી ફરે = to gad about, or to move about from one place to another. ખરાબી = evils. તે પ્રમાણે વર્તવું = to do the same. ઘણુંક દરજે = to a great extent, for the most part. ચાર = a few others. શોભાયમાન ભરતો ભરતાં = to do different kinds of embroidery, to embroider nicely. એ કાંઈ થોડો લાભ નથી this will begin the sentence. It is no small benefit that your daughters, &c. તેનું વર્ણન થોડી જગ્યામાં થઈ શકે તેમ નથી = which cannot be described in a short space. એવું * * * * માલુમ પડેછે = we learn from, &c. that it was the custom. બાધ જણાતો નથી = there appears to be no prohibition. સુધરેલા = highly civilized.

પાઠ ૨૨.

કરવિષે.

કરવિષે Use the plural. રસ્તે = along the road. ભો = danger. મુશ્કેલ પડેછે = it is not safe. એવું omit. (ભાલા) વાળા = armed with. જો એમ ન કરે = did not do so. લૂંટી લઈ જવું = to rob him of. એમાં કાંઈ ફેર નથી = doubtless (placed between the auxiliary and the principal verb). ખેતીવાડીનું કામ કરતાં = to cultivate the ground. ઘણો ખરચ થાય-

છે = ઘણા ખરચવાળું છે. તેને સારૂ બેની જરૂર પડેછે = requires two. બેકુત થાયછે = બેકુતનું કામ કરેછે. એણે કરીને = as a result of this. ફળ = crop. એમાં બે ભાગીઆ થાયછે = has to be divided between two. એથી કરીને = in consequence of this. પોતાની માલમિલકતનો પૂરો ભરોસો રહેવો = to be perfectly sure that one's property is safe. ટોળે ટોળાં આવવું = to come in bands. મહેનત કરીને ઉગાવેલો માલ = the fruit of one's labour. થોડીજ બેતી = very little land. બેતી થવી = to be cultivated. ઘણી જમીન = ઘણો ભાગ = most. ઉજડ પડી રહેછે = is left to remain uncultivated. વસ્તી = વસનારા લોક. લોક omit. સંરક્ષણ નહિ = insecurity. નહિ તેથી Use 'to be owing to;' or, 'to result from.' એવી દશા = this miserable state of things. દેશમાં વસેછે = દેશ વસેલા હોયછે. બધા this must go with the previous part of the sentence in English. એવુંજ હોયછે = the same is the case. This will commence the sentence. ત્યાં = એવા દેશમાં. પોતાનું રક્ષણ કરવા માટે = in providing for his defence. ફીકર રહેવા = to be in a state of anxiety. જેની સામું લડી શકાય = whom he is able to fight. (તેના) થી સંતાઈ રહેવાની જગા = a place to hide oneself from; or, a hiding place for concealing oneself in from. બહુ વખત જાયછે this will begin the sentence. A great portion of the time of the people is taken up in. પૂરો = firmly. વાતપર = to this matter. તપાસ રહેછે = ધ્યાન આપવામાં આવેછે. એમાંનું = of the sort. કામ = duty, office. જાન માલ = person and property. નુકસાન ન થવા દેવું = to secure from. એટલા સારૂ = for this purpose. દેતા નથી = to prevent. પકડી કાઢવું See the voc. ઈનસાફ કરવાને = to dispense justice. કહેવાનો સારાંશ = in short. સલાહ સંપમાં રહેવું See the voc. તેમનો

બચાવ થાય. = in security. એવા omit. તે બધાનો ખરચ લોક આપેછે = it is the people who, &c. જે જે કંઈ સરકાર રાખેછે = everything the Government provides. લોકોને લાજમ છે કે = it is fair that the people should. કર લેવો = to levy taxes. જ્યાં omit. ચોરના ભયને લીધે = on account of the dread of robbers. This will come between the subject (એકુત) and the verb. પગાર આપીને રાખેછે. = keep in their pay. એવા રાજમાં = in a country with a Government. માટે કર તે=taxes are to be regarded as the equivalent of; or, answer to.

પાઠ ૨૩.

કર આપવા વિષે.

કર આપીએ છીએ. In translating omit the relative 'which.' કરતાં જુદું = different from. જાતનો supply ખરચ here and omit it after બીજા. બદલામાં પાછું મળેછે = બદલામાં મળેછે. See the voc. This is the object of જાણતા નથી and will follow it. ખરેખરૂં જોતાં = in reality. પણ omit. પૈસા આપીને = for money. નેરતીને ત્યાં Render by the possessive case. નાણું આપીને લઈએ = ખરીદ કરીએ. લુંટાવાનો, ઠગાવાનો, માર્યા જવાનો. Observe that these are Shakya Bhed, and should be so translated. જો એમ ન હોત = if it were not for this. જેટલો વખત લાગેછે તેનો અર્ધો * * * * જાત = the half of the time we are now employed in * * * * * would be taken up in, &c. નહિ માટે સંભાળ કરવામાં = in guarding against. તેટલામાં મેળવવું પડત = in which to provide; or, for providing. એમ ન કરત See Howard I., 393,394. કદાપિ = and in case we, and supposing we. એ ખરચ વધારે થાત = this would cost us more. તેવું છતાં પણ =

and yet, even then. જોઇએ તેવું=perfect, complete. જોઇતી ચીજ=anything we want. એને સારૂ નાણું આપીએ છીએ. Begin the sentence with this. ફેર માત્ર એટલો=this difference; or, this much of a difference. બીજો ખરચ=other payments. કરેછે=to make. પોતાની મરજી મુજબ=voluntarily, of his own choice. જરૂર પડેછે=must of necessity. વગર ચાલેજ નહિ=to be compelled to. See Part II., 176. પોતાને હાથે=yourself. હાથે is frequently to be rendered by 'self.' એમ કદી થાય નહિ=the case is quite different. શું કરવા=what is the use of, why. મારી મેળે Use the reflexive form of the pronoun. જરૂર નથી=there is no reason why I should; it is not necessary for me to. તેને જવાબ એટલોજ મળેશે=the answer would be. ઊજડ=wild. જડને વસો See Part II., 161 (2). જ્યાંલગી ત્યાંલગી=while; or, as long as. બાબતનો=બાબતમાં. તમારે હિસ્સે ખરચ=ખરચનો તમારો હિસ્સો. કોઇપણ રીતે નહિ=by no means. કહેવાય Use 'to be regarded.' ખબરદારીનું કામ=a piece of cleverness, a clever trick. કર વસુલ કરનાર કારભારી=a revenue officer. એમ કોઇ કાળે સમજવું નહિ=this is quite a mistake. જે કોઇ એવું કરે તે ધિક્કારવા જોગ છે=ફક્ત (none but) ધિક્કારવા જોગ (mean) માણસ (person) એવું કરે. એ લોક બહુજ ખોટું કરેછે=it is very wrong of these people to do so. બધી રીતના=all other kinds of. સરકારને થાય=to incur. એ ઘણી લુચ્ચાઇનું કામ છે=it is very wicked. You can begin with this. એની પૂરી સમજ પડવા સારૂ=in order that this may be fully understood. લઇએ=let us take. જાણે=suppose. કેટલાક=a number of. મળીને બંધાવ્યું=had united (or clubbed together) and dug. ખેતરમાં=ખેતર માટે. એમાંના કેટલાક જણ=some of them. પોતાને હિસ્સે ખરચ આવે તે કરતાં

ઓછું = બરચના તેમના હિસ્સા કરતાં ઓછું. એ કેવું ગેરવાજબી છે. Commence with this. How unfair it would be for some to * * * * and thereby to have others, &c. એ જેવું ગેરવાજબી છે તેવીજ કર આપવામાં ઠગાઇ કરવી પણ છે = પણ કર આપવામાં ઠગાઈ કરવી તેવી ગેરવાજબી છે જેવી એ છે.

પાઠ ૨૪.

શિયાળ અને બકરો.

ચાલ્યા જતા હતા = were travelling together. બંને જણે = both of them. તરસ મટાડવી = to allay or quench one's thirst. બહાર નીકળવું તેનો મોટો વિચાર પડ્યો = they were at a loss how to get out. લાગ ફાવે નહિ Say, were baffled in their attempts. નીકળવાનો એક ઉપાય છે = there is one way for getting out. હું ઉપર ગયો એટલે તારાં શીંગડાં ઝાલી ઉચકી લેતાં મને કાંઈ વાર નથી = once I am out, there will be nothing easier than to pull you up by the horns. જોર નથી See Part II., Ex. 20. તારાં આટલાં વરસ પાણીમાં ગયાં = you have lived so many years to no purpose. જો તારી દાઢી વધીછે તેટલી અક્કલ વધી હોત તો like ઇંગ્રેજી ભણ્યા એટલી ગુજરાતી ભાષા ભણ્યા હોત તો હાલ તે ભાષાનું સારૂં જ્ઞાન સંપાદન કીધું હોત = if you had studied Gujarâti as much as you have studied English, you would by this time have acquired a respectable knowledge of that language. નાખું = નાખીશ. ત્યાં બેઠી બેઠી = lying there. The verb 'to sit' is seldom used as regards quadrupeds. સઘળું જોતી હતી = was observing all that took place. નહિ થાઓ See Howard's Grammar, Part I., 429. લોક મને લુચ્ચો લેખે તે કરતાં મૂર્ખ લેખે તો ફીકર નહિ = I should like people to regard me as a fool rather than a rogue.

પાઠ ૨૫.

આ દેશની વિધવાઓ.

જે વિપત્તિ પડેછે તેથી=on account of the sufferings they have to endure, or the hardships they have to undergo. બળી મરતી Translate by 'used to burn themselves.' બંગાળામાંજ=એકલા બંગાળામાં. બળી મુઈ=to be burnt alive. થતાં હતાં=to occur. Begin—From the above the reader will be able. અડસટ્ટો મનમાં આવશે=to form an estimate. એ ખુનને સતી થવું કહેતા=women who killed themselves in this way were called "sattees." ખુની ચાલ=cruel custom. બંધ કરી See the voc. વિધવાઓ જીવતી બળી મરે Commence thus,—Though the Government prohibited widows from. બિચારી અબળા ઉપર રહ્યોછે=these poor creatures have still to endure. તેનો બાપ ઘણીવાર='a father will often marry his poor little daughter of the tender age of.' પરણે=is married. ઝાંખી કરે=sees his face for the first time. અને કદાપિ નહિ આવ્યો=and perhaps before she has * * * and while. કહેવાતો હોય તે=he who is called. આવે=તે સાંભળે. બાપડી=the poor thing. આખા ભવસુધી=as long as she lives, to the end of her life. સારાં=fine. સારૂં સારૂં ખાવું પીવું=dainty food. એ સૌ=all these things. તે બાઈડીનો=of these women. પારજ નથી=there is no end to. કોઈને Use negative pronoun. મળે=તેને મળવું. અપશુકન થાયછે=to be regarded as unlucky. થતું હોય ત્યાં=at. રહેવા=to be present. લોટ ફકાવે=to give nothing but flour to eat. એકવાર જમાડે=to give but one meal a day. અંધારામાં=અંધારી કોટડીમાં. એવી એવી આપદા પાડેછે=to practise many other such

cruelties on her. તેનાપર પડેછે = તેને ખમવા પડેછે. જેમ થાય તેમ કરેછે = તેઓનાથી બને તેટલું તેઓ કરેછે. See Part II., 167. રાંડ એ મોટી ગાળ છે = 'widow' is a strong term of abuse, or 'ránd' is a very offensive epithet. વગેરે સૌને = and such relatives. જમવા જવું તજવું પડેછે = have to give up going to caste feasts. જીવાડવું અને મારવું = the power of life and death. એનો વર મરી ગયો તેમાં એ બાપડી શું કરે like છોકરો પરીક્ષામાં પાર નહિ પડ્યો તેમાં શિક્ષક શું કરે = how could a teacher help a boy's not passing the examination? ત્યારે બાપડીએ શાં પાપ કર્યાં? = એ બાપડીને શામાટે દુઃખ દેવું જોઇએ? દેવાના = દેવા માટે; or use 'why' with a finite verb. જણાશે = to be ascertained. દુઃખ ઓછાં કરવાં = to alleviate the miseries of, to mitigate the sufferings of. દયા આણી = out of pity for, or, taking pity on poor widows, and then. વિધવાનું દુઃખ = તેઓનાં દુઃખ. કાયદો કરી See the voc. Render by past tense and supply 'and thus.' પુનર્વિવાહ કીધા છતાં = after remarriage. પહેલીવાર પરણેલીને વગેરે Translate as if આ કાયદાથી (by virtue of) ફરીથી પરણેલી વિધવા અને તેનાં છોકરાંને તેજ હકો છે—વારસાને માટે (with regard to inheriting property) જે (that) પહેલી વાર (for the first time) પરણેલી બાઇડીને અને તેનાં છોકરાંને. ધમચોકારે પરણાવેછે Begin thus,—In Bengal respectable Brahmans have no scruples whatsoever to marry. ઇશ્વરની ઇચ્છાએ = in the providence of God. Begin this sentence with ચાલ. (પ્રજા) માં = among. નથી = is not to be found, does not obtain. (પાપ) થવું to be committed, to be occasioned. ઢીલ કર્યાં વિના = ઢીલ વિના.

પાઠ ૨૬.

દાક્તર ચક્રબતી.

સન ૧૮૨૭ Put extension, showing time after extension, showing place. એના બાપ, Use, born of. છ વરસનો Say જ્યારે તે છ વરસનો હતો. મેલી મરણ પામવું=to die, leaving an orphan. શીખ્યો begin thus, He learnt three * * * namely * * * making એના ગામમાં હતી a relative sentence. તેર વરસનો થયો ત્યાંસુધી=he was thirteen years of age before he, &c., putting the verb in the positive. સાહેબ લોક Use the singular. ને ઇંગ્રેજી or &c. નામ સાંભળવું=to hear there was such a — as. પરગણામાં=the neighbourhood of the village. આવ્યો=to happen to come. There are three ways of translating this compound sentence:—(1) to connect the two parts of the sentence by 'and'; (2) to make ગયો the principal verb, and * * * આવ્યો an adjectival sentence; (3) to make * * * આવ્યો a participial extension of ગયો. Use (3). સાહેબ See Part II., 64. બહુ See Part II., 78. ગામથી બે મૈલપર=two miles distant from, &c. તે તુરત જવા નીકળ્યો this will begin the sentence. See the Voc. at નીકળવું. તે વેળા * * ગાંસડી હતી order:—તેની સાથે * * * * હતી (to have) જે તેની ખાંધપર નાંખેલી હતી (to carry). વિના બીજું કાંઇ નહિ=nothing but. ત્યારે, જ્યારે is omitted in Gujarati and ત્યારે (then) in English. ઓળખાણ ન હતું=had no acquaintance. તેને જઇને કહ્યું Say તે ઇંગ્રેજી નિશાળના માસ્તર પાસે ગયો જે દેશી હતો અને કહ્યું="offered"—the remainder will be in the oblique construction. જો See the voc. રાંધવા રહું એવું કહેવું=to offer one's service

as a cook. તેમ See the voc. રાખવાની Supply the object. માંડ્યા પછી Use the pluperfect indicative. તેથી=by them, thereby. આલેકઝાન્ડર સાહેબ નામે એક ગૃહસ્થ=a gentleman named Alexander. ભણવાનો ખરચ આપવો=to pay one's expenses—to support—while studying. કહ્યું See the voc. તે ઉપર Make the former sentence a phrase with having, and તે ઉપર will be thus translated. બાળે વરસે no preposition required. ત્યારે In English જ્યારે. ખબર આપવી See the voc. કે જેને=that if any one. વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ કરવો=to study medicine. મોકલવામાં આવશે See Part II., 119. બહુ સમજાવવું કે તું ન જા=to do all one can to dissuade from going; to entreat earnestly not to go. કોઇ કામ ન કરવાને સમજાવેલું ન માનવું=not to be dissuaded; not to heed entreaties. જોર જુલમ કરવા માંડ્યો=to resort to force. કશાને=the least (adv.) વગેરે ખોઇને પણ=even if he should have to give up. છાતી ચલાવવી See the voc. એ=the same. એક પાઠશાળા=one of the colleges. ત્યાંની=of that country. દાખલ થવું=to enter a college as a student. ધર્મ પાળવા માંડ્યો See the voc. દાક્તર થવું=to gain the diploma of doctor; to graduate in medicine. આવતાં વારને=as soon as he arrived, immediately on his arrival. મળવું=to be in the receipt of. ચરિત્ર ઉપરથી જણાયછે Use the active verb 'to show' or 'to teach' with 'us.' ગમે એવો ગરીબ હોય=however poor he may be. તોપણ omit. હિમ્મતથી say જો તેને પૂરતી હિંમત હોય. પાર પડછે Use the future or the auxiliary 'may.' This is the principal verb and must come in immediately after the nominative 'any one.'

પાઠ ૨૭.

પૃથ્વી.

નજર પહોંચે ત્યાં લગણ like ઘોડો દોડે ત્યાં લગણ=as far as a horse can run. એને કાંઈ આધાર એટલે ટેકો નથી See Part I., 26. એનો એક ફેરો ચોવીશ કલાક કે સાઠ ઘડીમાં પૂરો થાયછે like મારા ઘર આગળથી નિશાળે જતાં દસ મિનિટ લાગેછે=it takes me ten minutes to go from my house to school. જેટલી વાર અજવાળું રહેછે તેટલીવારને દહાડો કહેછે=that period of time during which light remains is called day. જેટલા વખત સુધી અંધારૂં રહેછે તેટલાને રાત કહેછે like જેટલી ભોંય ઉપર ગામ વસેલુંછે તેટલીને ગામનું તળિયું કહેછે= that portion of ground on which the town is built is called the site of the town. What single word represents પૃથ્વીના બીજા પાસાના લોક?

પાઠ ૨૮.

ચામડી.

ચામડીમાં The names of the different parts of the body are preceded in English by the definite article 'the.' ચામડી છે. Use 'to consist of.' નીચલું instead of the noun supply 'one.' માત્ર માટે છે=is only for. માં=to have. સ્પર્શનો ગુણ=સ્પર્શશક્તિ. કંઈ નથી=has no, &c. આપણા લોક=આપણે. ઉઠાડવાને Use 'in order to.' (દૂધ) મારવું=to apply. જેને ઇંગ્રેજીમાં બ્લિસ્તર કહેછે. This relative clause must be placed immediately after the noun it qualifies. તેથી=by which means. પ્રત્યક્ષ દેખાયછે=to become perceptible. ચામડીને ઘસારો પડેછે તેથી=when by friction on the skin, or, when by the constant rubbing of anything against the skin. જોવામાં આવેછે=આપણે જોઇએ

કરીએ. ઘણુંજ See the voc. અને રોગ થાય=and when any one has a disease. ભીંગડાં થઇને Use, drop off in scales. (જનાવર) ને=with, in the case of. તેમાં=as for instance. સાપની કાંચળી ઉતારેછે Say સાપ તેની કાંચળી ઉતારેછે (to cast). રંગ ઊતરી જાયછે=it loses its colour. તે તો=as. તેથી=and according to this. સીંપીની Say સીંપીમાં. See also Howard I., 253. એને છૂટી Say, if a piece, &c., નાંખે=નંખાય. માં ઊતરી જાયછે=to come out into. Use the future. કાળાં ને ગોરાં સઘળાં=all, whether black or white. એકજ તરેહ નો=the same. ત્યાં Omit and supply જ્યાં. ઘણો સ્પર્શ લાગેછે=the sense of touch is very.........in. This will begin the sentence. તેજ=the very. જરા સ્પર્શ લાગે=the slightest touch. Make 'touch' the subject of જણાયછે. મગજને=મગજથી or મગજમાં. વગેરે કેટલાંક=and several others; or begin thus,—several animals, such as. શિંગડાં જેવું કઠણ =as hard as horn, horny. થોડે ઠેકાણેજ=only in a few places. રહેછે=are left.

પાઠ ૨૯.

છોકરાંને ઘરેણું ઘાલવા વિષે.

છોકરાંને ઘરેણું ઘાલવા વિષે=loading children with ornaments. પહેરાવવા=to decorate with. એથી=by doing so. હાથે કરીને=they themselves. અને omit. પોતાની જૂઠી આબરૂ માટે, Say, to keep up a false show of respectability. થોડીવારની=that is to last for a few hours. વધારે સારી ગણવી=to prefer to. નીપજતાં=occasioned by. હવે=again any more. પહેરાવીશું Use the infinitive. પહેરાવવાં=જો પહેરાવીએ. ગયા=after, in. એટલે omit. ભૂલી જાયછે.

Supply 'all about it.' જેમ જેમ જુની * * * * તેમ તેમ ઓછી=the older * * * * * the less. વળી omit. પાછું એકાદું=some other. થવું કે=takes place and. પ્રિય દેશીઓ || my dear fellow-countrymen. બહારથી ધનપાળશા. See the voc. બનાવશો, Use the infinitive. કોણ ચહાશે This will begin the sentence; 'Who would like a fruit that, &c. તમારે એવો વિચાર ન રાખવો=you must not think. ફેરવીને જોઈ હોય વગેરે=ફેરવીએ અને જોઈએ તો મેલથી ભરેલી માલુમ પડશે. તેમાંથી નીકળે=તેથી આવે. દૂરથી=even though he be at a distance from it. શરીરમાં રોગ થાયછે=their bodies are liable to the attacks of diseases. મોટી મોટી અફસોસની વાત વગેરે=it is therefore much to be regretted (or it is a thousand pities) that parents prefer to put on * * * * * to giving the washerman two or three annas a month extra, and dressing their children in good and clean clothes. મોટી ખામી છે=are greatly wanting in, or, the want of cleanliness is a great defect in. તમારાં બાળકોનું સારૂં ચાહીને=as you desire your children's good. રાખીને See Part II., 161 (4). નાખશો મા. Use the infinitive.

પાઠ ૩૦.

રંગ.

જેટલા—તેટલા બધા વગેરે. In such a sentence the બધા comes in the second half in Gujarati. In English it comes in the first; as all the Parsis in India are descendants of refugees from Persia. લાલ કે રાતો=red or crimson. નીકળેછે=મળેલો. એકઠા કરીએ છીએ. Use the passive.* બીજા બધા=બધા બીજા. Supply રંગ here and

